सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ

## ત્રીજી ગુજરાત વિધાનસભા
## ૭ મું અધિવેશન
## ( ૨૪મી નવેમ્બર થી ૮મી ડિસેમ્બર, ૧૯૬૯ )

૩૨૮.૩૪
ગુ ૬૯૩ સે
૨૭૪૫૪

ગુજરાત વિધાનસભા સચિવાલય,
અમદાવાદ – ૧૬.
જાન્યુઆરી, ૧૯૬૭.
( કિંમત રૂ. ૦—૫૫ પૈસા )

જી. ૬૯-૩ ગ
૨૭૪૫૪

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ત્રીજી ગુજરાત વિધાનસભાના ૭મા અધિવેશન (૨૪મી નવેમ્બરથી ૮મી ડિસેમ્બર, ૧૯૬૯)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપેલી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
નવી સિવિલ હોસ્પિટલ,
અમદાવાદ-૧૬, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૭૦.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

Hb-1426-(i)-400-1-70

# અનુક્રમણિકા



| ક્રમાંક<br>૧ | વિષય<br>૨ | પાના નંબર<br>૩ |
|---|---|---|
| ૧. | ત્રીજી ગુજરાત વિધાનસભાના ૭મા અધિવેશન (૨૪મી નવેમ્બરથી ૮મી ડિસેમ્બર)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ ... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક-૧, સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી ... | ૯ |
| ૩. | પત્રક ક્રમાંક--૨, સભ્યશ્રીઓની તારીખવાર હાજરી ... | ૧૪ |
| ૪. | પત્રક ક્રમાંક--૩, અધિવેશન દરમ્યાન ગુજરાત વિધાનસભામાં રોજે-રોજ થયેલા કામકાજનો સારાંશ ... ... | ૧૫ |
| ૫. | પત્રક ક્રમાંક--૪, તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) ... ... ... | ૩૨ |
| ૬. | પત્રક ક્રમાંક-૫, તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)... | ૩૪ |
| ૭. | પત્રક ક્રમાંક-૬, અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૩૬ |
| ૮. | પત્રક ક્રમાંક--૭, સરકારી વિધેયકો ... ... | ૩૮ |
| ૯. | પત્રક ક્રમાંક-૮, સન ૧૯૬૯-૭૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ ... | ૪૪ |
| ૧૦. | પત્રક ક્રમાંક--૯, બીજા પ્રસ્તાવો (નિયમ ૧૦૫) ... | ૪૬ |
| ૧૧. | પત્રક ક્રમાંક--૧૦, ધ્યાન દોરતી સૂચનાઓ ... | ૪૮ |
| ૧૨. | પત્રક ક્રમાંક--૧૧, બિન-સરકારી સંકલ્પો ... ... | ૫૦ |
| ૧૩. | પત્રક ક્રમાંક--૧૨, વિભાજન ... ... | ૫૧ |

## ત્રીજી ગુજરાત વિધાનસભાના ૭મા અધિવેશનમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

### પ્રારંભિક

ત્રીજી ગુજરાત વિધાનસભાનું ૭મું અધિવેશન સોમવાર, તા. ૨૪મી નવેમ્બર, ૧૯૬૯ના રોજ શરૂ થયું હતું અને સોમવાર તા. ૮મી ડિસેમ્બર, ૧૯૬૯ના રોજ સમાપ્ત થયું હતું. અધિવેશન દરમ્યાન વિધાનસભા કુલ ૧૧ દિવસ મળી હતી અને તેમાં ૧૧ બેઠકો થઈ હતી. અધિવેશન દરમ્યાન વિધાનસભાએ કુલ ૪૯ કલાક અને ૪૯ મિનિટ કામ કર્યું હતું.

### હાજરી

અધિવેશન દરમ્યાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૪૬ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૩૦ હતી. દરેક સભ્યશ્રીએ સભાગૃહની બેઠકમાં આપેલી કુલ હાજરી પત્રક ક્રમાંક–૧માં તેમજ સભ્યોની તારીખવાર હાજરી પત્રક ક્રમાંક–૨માં દર્શાવેલી છે.

### રોજે રોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક–૩માં આપ્યો છે.

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

અધિવેશન દરમ્યાન ૮૬૨ તારાંકિત પ્રશ્નો, ૬૬૨ અતારાંકિત પ્રશ્નો અને ૬૭ ટૂંકી મુદતના પ્રશ્નોના સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની ખાતાવાર માહિતી પત્રકો ક્રમાંક ૪, ૫ અને ૬માં આપવામાં આવી છે. વિધાનસભા કુલ ૧૧ દિવસ મળી હતી, જેમાંથી કુલ ૧૦ દિવસ પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી.

### વટહુકમ

તા. ૨૪મી નવેમ્બર, ૧૯૬૯ના રોજ નીચેના વટહુકમો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા :—

(૧) સન ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ અને સન ૧૯૪૨નો મુંબઈ જમીન સુધારણા યોજના અધિનિયમ વધુ સુધારવા બાબતનો વટહુકમ (સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૪).

(૨) સન ૧૯૬૦નો ગુજરાત આકસ્મિકતા નિધિ અધિનિયમ વધુ સુધારવા બાબતનો વટહુકમ (સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૫).

Hb-1426-(1)-400-1-70

## સરકારી વિધેયકો

અધિવેશન માટે કાર્યાવલીમાં ૧૩ સરકારી વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં. તેમાંથી ૫ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતા. (જુઓ પત્રક ક્રમાંક-૭).

## નાણાંકીય કામકાજ

### ૧ ખર્ચનું પૂરક પત્રક

(ક) રજૂઆત—સન ૧૯૬૯-૭૦ના વર્ષ માટેનું રૂા. ૨૦,૮૪,૮૦,૮૯૮નું ખર્ચનું પૂરક પત્રક તા. ૨૫મી નવેમ્બર, ૧૯૬૯ના રોજ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં મતપાત્ર રકમ રૂા. ૨૦,૮૪,૦૪,૪૯૯ હતી, અને બિન-મતપાત્ર રકમ રૂા. ૪,૭૬,૩૯૯ હતી.

(ખ) ચર્ચા અને મતદાન.—પૂરક માગણીઓ ઉપર તા. ૧લી અને ૨જી ડિસેમ્બર, ૧૯૬૯ના રોજ ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ટ કુલ ૩૪ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. આ માગણીઓમાંથી ૧૮ માગણીઓ ચર્ચા માટે નકકી થઈ હતી, પરંતુ તેમાંથી ૧૩ માગણીઓ ઉપર જ સભાગૃહમાં ચર્ચા થઈ શકી હતી. રજૂ થયેલી બધી પૂરક માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૮)

(ગ) કાપ દરખાસ્તો.—પૂરક માગણીઓ ઉપર કુલ ૨૦૩ કાપદરખાસ્તો આવી હતી અને તેમાંથી ૧૭૮ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી.

### ૨. આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક

જેના માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી ન હોય તેવી તા. ૨૫મી નવેમ્બર, ૧૯૬૯ સુધી આકસ્મિક ફંડમાંથી મંજૂર કરાયેલી પેશગીઓ દર્શાવતું પત્રક તા. ૨૭મી નવેમ્બર, ૧૯૬૯ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.

## મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો (નિયમ ૧૦૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ અન્વયે મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવની એક સૂચના સત્રની શરૂઆત થતાં પહેલાં વિ સ.. સ. શ્રી મનુભાઈ હ. પાલખીવાળા તરફથી આવી હતી જે દાખલ કરવામાં આવી હતી. પ્રસ્તાવ રજૂ કરવાની સભાગૃહની પરવાનગી માગતાં પહેલાં જ સભ્યશ્રીએ તે પ્રસ્તાવ પાછો ખેંચી લીધો હતો.

મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા બીજા એક પ્રસ્તાવની સૂચના તા. ૧-૧૨-૬૯ના રોજ વિરોધ પક્ષના માનનીય નેતાશ્રી જયદીપસિંહજી તથા અન્ય ૭ સભ્યશ્રીઓ તરફથી આવી હતી. આ સૂચના પણ દાખલ કરવામાં આવી હતી. પ્રસ્તાવને રજૂ કરવાની તા. ૩-૧૨-૬૯ના રોજ સભાગૃહે પરવાનગી આપી હતી.

પ્રસ્તાવ પર તા. ૫મી અને ૮મી ડિસેમ્બર, ૧૯૬૯ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં ૩ મંત્રીશ્રીઓ અને ૨૭ સભ્યોએ ભાગ લીધો હતો. ચર્ચાને અંતે પ્રસ્તાવ મત માટે મૂકાતાં સભાગૃહે તેનો અસ્વીકાર કર્યો હતો.

## વ્યકિતગત મંત્રીશ્રી સામેની ઠપકાની દરખાસ્ત

વ્યકિતગત મંત્રીશ્રી સામેની ઠપકાની દરખાસ્ત કરતી એક સૂચના આવી હતી, પરંતુ અધ્યક્ષશ્રીએ તેને નિયમ બહારની ગણી નામંજૂર કરી હતી.

## સભામોકૂફીનો પ્રસ્તાવ (નિયમ ૧૦૮)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૮ અન્વયે સભામોકૂફીના પ્રસ્તાવની ૧ સૂચના આવી હતી. આ સૂચનાને માનનીય અધ્યક્ષશ્રીએ સંમતિ આપી ન હતી.

## અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવો (નિયમ ૧૦૪)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવોની કુલ ૨૫ સૂચનાઓ આવી હતી, જે બધી દાખલ થઈ હતી. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ (૪) ની જોગવાઈ અનુસાર એક કરતાં વધારે પ્રસ્તાવ પર ચર્ચા થઈ શકે તેમ ન હોવાથી, દાખલ કરવામાં આવેલા પ્રસ્તાવો પૈકી કયો પ્રસ્તાવ ચર્ચા માટે લેવો તે નક્કી કરવા માટે, તા. ૫મી ડિસેમ્બર, ૧૯૬૯ના રોજ બેલટ યોજવામાં આવ્યો હતો. આ બેલટમાં શ્રી ઉત્તમભાઈ હ. પટેલના, જિલ્લા અને તાલુકા મથકોને જોડતા બાકી રસ્તાઓ માટે યોજના કરવા બાબતના પ્રસ્તાવને અગ્રતા મળી હતી. આ પ્રસ્તાવને અધિવેશનના છેલ્લા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યો હતો, પરંતુ સભ્યશ્રીએ તે રજૂ કરતા પહેલાં પાછો ખેંચી લીધો હતો.

## બીજા પ્રસ્તાવો (નિયમ—૧૦૫)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ હેઠળ બીજા પ્રસ્તાવોની ૯ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૩ સૂચનાઓ નામંજૂર થઈ હતી. દાખલ થયેલી ૬ સૂચનાઓમાંથી ૪ સૂચનાઓ પર સભાગૃહમાં ચર્ચા થઈ હતી (જુઓ પત્રક ક્રમાંક-૯).

## વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ નિયમ ૧૫૨ (૨)

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩(૨)(અ) અન્વયે સન ૧૯૬૯ના વટહુકમ ક્રમાંક-૪ને નામંજૂર કરતા પ્રસ્તાવની એક સૂચના આવી હતી. અધ્યક્ષશ્રીએ તે પ્રસ્તાવ દાખલ કર્યો હતો. પ્રસ્તાવ ઉપર તા. ૪થી ડિસેમ્બર, ૧૯૬૯ના રોજ સભાગૃહમાં ચર્ચા થઈ હતી અને ચર્ચાને અંતે સભાગૃહે પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો હતો.

## ટૂંક સમયની ચર્ચા માટેની સૂચનાઓ (નિયમ-૧૧૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૭ સૂચનાઓ આવી હતી, જે બધી નામંજૂર થઈ હતી.

## ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ ૧૧૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન દોરવા માટે કુલ ૩૧ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૧૧ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચનાઓમાંથી સરખા વિષયની સૂચનાઓ એકત્રિત કરતાં, કુલ ૪ સૂચનાઓ ઉપર નિવેદન કરવાનાં હતાં. આ ૪ સૂચનાઓ ઉપર સભાગૃહમાં નિવેદન કરવામાં આવ્યાં હતાં. (જૂઓ પત્રક ક્રમાંક--૧૦).

## બિન-સરકારી સંકલ્પો (નિયમ ૧૧૭)

બિન-સરકારી સંકલ્પો અંગેના સુધારેલા નિયમ ૧૧૭ મુજબ બિન-સરકારી સંકલ્પ રજૂ કરવા માગતા સભ્યશ્રીઓએ, બેલટ માટેની અધ્યક્ષશ્રીએ ઠરાવેલી તારીખથી બે દિવસ અગાઉ સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા દર્શાવતી સૂચના આપવાની રહે છે. આવી સૂચનાઓ ૨૯ સભ્યશ્રીઓએ આપી હતી. માનનીય અધ્યક્ષશ્રીએ નક્કી કર્યા પ્રમાણે આ બધી સૂચનાઓનો બેલટ તા. ૨૪--૧૧--૬૯ના રોજ યોજવામાં આવ્યો હતો. બેલટમાં આવેલા ૬ સભ્યશ્રીઓએ એક એક સંકલ્પની સૂચના આપી હતી, જે બધી દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો તા. ૩-૧૨-૬૯ની દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા. દાખલ થયેલા સંકલ્પોની વિગતો પત્રક ક્રમાંક--૧૧માં આપવામાં આવી છે.

## વિશેષાધિકાર

વિશેષાધિકારના ભંગ અંગે કુલ ૨ સૂચનાઓ મળી હતી જેમાંથી ૧ સૂચના દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચનાની વિગત નીચે પ્રમાણે છે.—

તા. ૨૧--૮--૬૯ના રોજ મહેસૂલ વિભાગને લગતી પૂરક માગણીમાં દુષ્કાળ રાહત અંગેની માગણી ઉપરની ચર્ચા વખતે, શ્રી નારણભાઈ શી. પટેલે સભાગૃહમાં કરેલા પ્રવચન અંગે, મોડાસા તાલુકા પંચાયતની સામાન્ય સભાએ તા. ૨૯-૯-૬૯ના રોજ કરેલા ઠરાવમાં સભ્ય ઉપર કરવામાં આવેલા અણછાજતા આક્ષેપોથી વિશેષાધિકારનો ભંગ થયેલો છે, તેવો પ્રશ્ન સભાગૃહમાં ઉઠાવવાની શ્રી નારણભાઈ શી. પટેલને તા. ૨૪-૧૧-૬૯ના રોજ સભાગૃહે પરવાનગી આપી અને અધ્યક્ષશ્રીએ તે પ્રશ્ન વિશેષાધિકાર સમિતિને સોંપ્યો.

## સમિતિઓની બેઠકો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલ સમિતિઓની બેઠકો થઈ હતી.

| અનુક્રમાંક | સમિતિનું નામ | | બેઠક મળ્યાની તારીખ |
|---|---|---|---|
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | ૧ | ૨૪-૧૧-૧૯૬૯ |
| | | ૨ | ૧-૧૨-૧૯૬૯ |
| | | ૩ | ૩-૧૨-૧૯૬૯ |
| ૨. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | | ૧-૧૨-૧૯૬૯ |
| ૩. | અંદાજ સમિતિ | | ૨-૧૨-૧૯૬૯ |
| ૪. | ગ્રંથાલય સમિતિ | | ૩-૧૨-૧૯૬૯ |
| ૫. | જાહેર સાહસો માટેની સમિતિ | | ૪-૧૨-૧૯૬૯ |
| ૬. | ગૃહની બેઠકમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | | ૫-૧૨-૧૯૬૯ |

## વિધાનસભામાં રજૂ થયેલા-ચર્ચાયેલા અહેવાલો વગેરે

અધિવેશન દરમ્યાન નીચે જણાવેલા અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા અથવા ચર્ચાયા હતા :—

| અનુ-ક્રમાંક | અહેવાલ | રજૂ થયા તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિની ભલામણો. | ૧. ૨૪-૧૧-૬૯<br>૨. ૧-૧૨-૬૯ | ૨૪-૧૧-૬૯<br>૨-૧૨-૬૯ |
| ૨. | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સત્તરમો અહેવાલ. | ૨-૧૨-૬૯ | ૨-૧૨-૬૯ |
| ૩. | ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૮-૬૯નો અહેવાલ તેમજ જે કિસ્સાઓમાં કમિશનની સલાહ સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેનાં કારણો દર્શાવતી યાદી. | ૨૪-૧૧-૬૯ | ... |
| ૪. | સન ૧૯૬૯ના વિ. સ. વિધેયક ક્રમાંક--૩૦(સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા વિધેયક) પર પ્રવર સમિતિનો અહેવાલ. | ૨૪-૧૧-૬૯ | ... |
| ૫. | ગુજરાત સ્ટેટ ફાઈનેન્શીયલ કોર્પોરેશનનું સન ૧૯૬૭--૬૮ અને ૧૯૬૮--૬૯નું કામકાજ. | ૯-૯-૬૮<br>૨૫-૮-૬૯ | ૨૪-૧૧-૬૯ |
| ૬. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનું સન ૧૯૬૭--૬૮નું કામકાજ. | ૨૧-૨-૬૯ | ૨૫-૧૧-૬૯ |
| ૭. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૧૯૬૮--૬૯નો (સાતમો) વાર્ષિક અહેવાલ. | ૨૬-૧૧-૬૯ | — |
| ૮. | ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૬૯--૭૦ નું નાણાકીય વિવરણ પત્રક (અંદાજ) | ૧૨-૩-૬૯ | ૨૬-૧૧-૬૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૯. | ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનનું સન ૧૯૬૬–૬૭નું કામકાજ. | ૪-૭-૬૯ | ૨૮-૧૧-૬૯ |
| ૧૦. | જાહેર સાહસો માટેની સમિતિનો પહેલો અને બીજો અહેવાલ. | ૧૮-૮-૬૯ | ૨૪-૧૧-૬૯ |
| ૧૧. | અંદાજ સમિતિનો સાતમો અહેવાલ. | ૨૬-૨-૬૯ | ૨૭-૧૧-૬૯ |
| ૧૨. | અંદાજ સમિતિનો આઠમો અહેવાલ. | ૧૯-૩-૬૯ | ૨૭-૧૧-૬૯ |
| ૧૩. | અંદાજ સમિતિનો નવમો અહેવાલ. | ૨૪-૩-૬૯ | ૨૭-૧૧-૬૯ |
| ૧૪. | વિશેષાધિકાર સમિતિનો ચોથો અહેવાલ. | ૬-૯-૬૮ | ૨૮-૧૧-૬૯ |
| ૧૫. | વિશેષાધિકાર સમિતિનો પાંચમો અહેવાલ. | ૨૫-૮-૬૯ | ૨૮-૧૧-૬૯ |
| ૧૬. | વિશેષાધિકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ. | ૨૫-૮-૬૯ | ૨૮-૧૧-૬૯ |
| ૧૭. | અંદાજ સમિતિનો અગિયારમો અહેવાલ. | ૫-૧૨-૬૯ | ... |
| ૧૮. | અંદાજ સમિતિનો બારમો અહેવાલ. | ૫-૧૨-૬૯ | ... |

## શોકદર્શક ઉલ્લેખ

ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના સભ્ય શ્રી વ્રજલાલ કેશવલાલ મહેતા અને ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય શ્રી ફૂલચંદ પરસોત્તમ તંબોળીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો સોમવાર, તા. ૨૪મી નવેમ્બર, ૧૯૬૯ના રોજ સભાગૃહમાં કરવામાં આવ્યા હતાં. સદ્‌ગતોને અંજલિઓ આપ્યા બાદ સભાગૃહના સભ્યોએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું હતું.

## વિભાજન અને સભાત્યાગ

અધિવેશન દરમ્યાન થયેલ વિભાજન અને સભાત્યાગને લગતી માહિતી પત્રક ક્રમાંક ૧૨માં આપી છે.

## વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો

| | | |
|---|---|---|
| (ક) પ્રેક્ષકો માટેની દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો. | ... | ૨૬૮૭ |
| (ખ) ૨૪ શૈક્ષણિક સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ... | ૨૬૧૫ |
| (ગ) અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ... | ૨૯૫ |
| (ઘ) અતિથિવિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ... | ૯૮૦ |
| (ચ) રાજ્યપાલ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ... | ૭ |
| કુલ | ... | ૬૫૮૪ |

## પત્રક ક્રમાંક—૧

### સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી

| ક્રમાંક<br>૧ | સભ્યનું નામ<br>૨ | કુલ હાજરી<br>૩ |
|---|---|---|
| ૧. | શ્રી અનવરબેગ અહેમદબેગ મીરઝા | સંસદીય સચિવશ્રી |
| ૨. | શ્રી અબ્દુલરહીમ તાજુજી કુંદીવાલા | ૧૧ |
| ૩. | શ્રી અભેસિંહ કેદરભાઈ પરમાર | ૬ |
| ૪. | શ્રી અમરસિંહ દીપસિંહ પરમાર | ૧૧ |
| ૫. | શ્રી અમરસિંહ ભુપતસિંહ વાઘેલા | ૧૧ |
| ૬. | શ્રી અમૃતલાલ અંબાલાલ પટેલ | ૧૦ |
| ૭. | શ્રી અર્જુનસિંહ ભારતસિંહ ઠાકોર | ૭ |
| ૮. | શ્રીમતી અરૂણાબહેન ગંભીરભાઈ પટેલ | ૧૧ |
| ૯. | શ્રી ગણપતલાલ જેઠાલાલ ત્રિવેદી | ૧૧ |
| ૧૦. | શ્રી આનંદલાલ ચીમનલાલ મહેતા | ૧૦ |
| ૧૧. | શ્રી ઇન્દુભાઈ ચતુરભાઈ પટેલ | ૧૧ |
| ૧૨. | શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ | ૧૧ |
| ૧૩. | શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા | ૧૧ |
| ૧૪. | શ્રી ઉર્મિલાબેન પ્રેમશંકર ભટ્ટ | નાયબ મંત્રીશ્રી |
| ૧૫. | શ્રી કમળાશંકર ભુલેશ્વર દવે | ૧૦ |
| ૧૬. | શ્રી કરસનભાઈ હરિભાઈ ચૌધરી | ૧૧ |
| ૧૭. | શ્રી કસ્તુરલાલ નગીનદાસ દોશી | ૧૧ |
| ૧૮. | શ્રી કાનજીભાઈ કચરા મ્હોરી | ૧૧ |
| ૧૯. | શ્રી પુરૂષોત્તમદાસ રણછોડદાસ પટેલ | ૧૧ |
| ૨૦. | શ્રી કાંતિલાલ ફુલચંદ ઘીયા | ૯ |
| ૨૧. | શ્રી કિશોરસિંહ કાળુસિંહ પરમાર | ૧૦ |
| ૨૨. | શ્રી કુરજી ડુંગર પટેલ | ૧૧ |
| ૨૩. | શ્રી કેશવજી ગોકળદાસ રાયચુરા | ૧૧ |
| ૨૪. | શ્રી કેશવભાઈ રતનજી પટેલ | ૧૧ |
| ૨૫. | શ્રી કેસર ભગવાન ડોડિયા | ૧૧ |
| ૨૬. | શ્રી ખોડુભા અભેસંગ વાઘેલા | ૧૦ |
| ૨૭. | શ્રીમતી ગંગાબહેન અમૃતલાલ વાઘેલા | ૧૧ |
| ૨૮. | શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ | ૮ |
| ૨૯. | શ્રી ગુમાનસિંહ વિરમસિંહ વાઘેલા | ૧૧ |
| ૩૦. | શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા | મંત્રીશ્રી |
| ૩૧. | શ્રી ગોવિંદભાઈ હરિભાઈ પટેલ | ૧૧ |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| ૩૨. | શ્રી ગોસાંઇભાઇ છીબાભાઇ પટેલ | ૧૧ |
| ૩૩. | શ્રી ગૌરીશંકર ધનેશ્વર પાઠક | ૧૧ |
| ૩૪. | શ્રી ચંદ્રકાન્ત મૂળજીભાઇ પરીખ | ૧૧ |
| ૩૫. | શ્રી ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ | ૧૧ |
| ૩૬. | શ્રી ચંદ્રસિંહજી દીપસિંહજી જાડેજા | ૧૦ |
| ૩૭. | શ્રી ચીમનભાઇ જીવાભાઇ પટેલ | મંત્રીશ્રી |
| ૩૮. | શ્રી ચીમનલાલ હરિલાલ શુકલ | ૬ |
| ૩૯. | શ્રી ચુનીલાલ ગણેશદાસ પટેલ | ૧૧ |
| ૪૦. | શ્રી ચુનીલાલ પોપટલાલ ચુડગર | ૧૧ |
| ૪૧. | શ્રી ચુનીલાલ બીજલભાઇ વસાવા | ૧૧ |
| ૪૨. | શ્રી છબીલદાસ પ્રાગજીભાઇ મહેતા | ૧૧ |
| ૪૩. | શ્રી છોટુભાઇ નાથુભાઇ રાઠોડ | ૧૧ |
| ૪૪. | શ્રી જગતા પુરા પરમાર | ૮ |
| ૪૫. | શ્રી જમુભાઇ પુંજીરામ ભટ્ટ | ૧૧ |
| ૪૬. | શ્રી જશવંતરાય નાનુભાઇ મહેતા | મંત્રીશ્રી |
| ૪૭. | શ્રી જશવંતલાલ સૌભાગ્યચંદ શાહ | ૧૧ |
| ૪૮. | શ્રી જાલમસિંહ હિંમતસિંહજી જાદવ | ૧૧ |
| ૪૯. | શ્રી જીણાભાઇ દેવરાજભાઇ કણસાગરા | ૧૧ |
| ૫૦. | શ્રી જેઠાભાઇ ભુરાભાઇ રાઠોડ | ૧૧ |
| ૫૧. | શ્રી જેસીંગભાઇ ગોવિંદભાઇ પરમાર | ૧૧ |
| ૫૨. | શ્રી જયદીપસિંહજી | ૧૦ |
| ૫૩. | શ્રી જયરામ આણંદભાઇ પટેલ | નાયબ મંત્રીશ્રી |
| ૫૪. | શ્રી જવસિંહ માનસિંહ સોલંકી | — |
| ૫૫. | શ્રી જયંતિલાલ વીરચંદ શાહ | ૧૦ |
| ૫૬. | શ્રી ઝીણાભાઇ રામસંગભાઇ વસાવા | ૧૧ |
| ૫૭. | શ્રી ઝુમખલાલ લખમીચંદ મહેતા | ૮ |
| ૫૮. | શ્રી ટીટાભાઇ મેઘજીભાઇ હઠીલા | ૧૧ |
| ૫૯. | શ્રી ઠાકોરભાઇ મણીભાઇ દેસાઇ | મંત્રીશ્રી |
| ૬૦. | શ્રી ડાહ્યાભાઇ બાવલભાઇ જાદવ | ૧૧ |
| ૬૧. | શ્રી ત્રિકમલાલ જમનાદાસ પટેલ | ૧૧ |
| ૬૨. | શ્રી દલજિતસિંહજી હિંમતસિંહજી | ૪ |
| ૬૩. | શ્રી દલસુખભાઇ જેરામભાઇ પટેલ | ૧૧ |
| ૬૪. | શ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી | ૪ |
| ૬૫. | શ્રી દેવજીભાઇ સદાભાઇ પરમાર | ૧૧ |
| ૬૬. | શ્રી દ્વારકાદાસ વિઠ્ઠલદાસ બારાઇ | ૧૧ |
| ૬૭. | શ્રી ધર્મસિંહભાઇ ડાહ્યાભાઇ પટેલ | ૧૧ |
| ૬૮. | શ્રી ધર્મેન્દ્રસિંહજી બહાદુરસિંહજી રાણા | ૧૧ |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| ૬૯. | શ્રી ધીરજલાલ બકોરદાસ મહેતા | ૧૦ |
| ૭૦. | શ્રી નટવરસિંહજી કેસરીસિંહજી સોલંકી | ૧૧ |
| ૭૧. | શ્રી નરસિંહદાસ ગોરધનદાસ ગોંધિયા | ૧૧ |
| ૭૨. | શ્રી નરહરિલાલ ઈશ્વરલાલ પુરોહિત | ૧૧ |
| ૭૩. | શ્રી નરેન્દ્રસિંહ અગરસિંહજી ઝાલા | ૧૧ |
| ૭૪. | શ્રી નવલચંદ મોતીલાલ કંસારા | ૧૧ |
| ૭૫. | શ્રી નાગજીભાઈ ગોવિંદભાઈ આર્ય | ૧૧ |
| ૭૬. | શ્રી નવિનભાઈ પ્રેમજીભાઈ પટેલ | ૧૧ |
| ૭૭. | શ્રી નારણભાઈ કાલીદાસ પટેલ | ૧૧ |
| ૭૮. | શ્રી નારણભાઈ પાલાભાઈ ગઢિયા | ૧૧ |
| ૭૯. | શ્રી નારણભાઈ શિવજીભાઈ પટેલ | ૧૧ |
| ૮૦. | શ્રીમતી નિર્મળાબહેન હાસાનંદ ગજવાણી | ૧૧ |
| ૮૧. | શ્રી પરભુભાઈ ધનાભાઈ પટેલ | ૧૧ |
| ૮૨. | શ્રી પરમાણંદદાસ જીવાભાઈ ઓઝા | નાયબ મંત્રીશ્રી |
| ૮૩. | શ્રી પરવતસિંહ ઘમીરસિંહ પરમાર | ૧૧ |
| ૮૪. | શ્રી પરસોત્તમભાઈ ઉકેડભાઈ ભીલ | ૧૧ |
| ૮૫. | શ્રી પાલાભાઈ નારણદાસ પરમાર | ૧૧ |
| ૮૬. | શ્રી પોપટલાલ ડાહ્યાભાઈ કક્કડ | ૧૧ |
| ૮૭. | શ્રી પોપટલાલ મૂળશંકર વ્યાસ | ૧૧ |
| ૮૮. | શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ , | ૬ |
| ૮૯. | શ્રી પ્રભુલાલ કાનજી દવે | ૬ |
| ૯૦. | શ્રી પ્રવિણચંદ્રસિંહજી ગંભીરસિંહજી | ૯ |
| ૯૧. | શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર | મંત્રીશ્રી |
| ૯૨. | શ્રી ફત્તેસિંહરાવ પ્રતાપસિંહરાવ ગાયકવાડ | મંત્રીશ્રી |
| ૯૩. | શ્રી ફુલજીભાઈ ડોહજીભાઈ પટેલ | ૧૦ |
| ૯૪. | શ્રી બહાદુરભાઈ કુથાભાઈ પટેલ | ૧૧ |
| ૯૫. | શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ | મંત્રીશ્રી |
| ૯૬. | શ્રી બાલાશંકર જેશંકર જોશી | ૯ |
| ૯૭. | શ્રી બાલુભાઈ હરજીભાઈ પટેલ | ૧૦ |
| ૯૮. | શ્રી બેચરભાઈ ભગવાનજી ગજેરા | ૧૧ |
| ૯૯. | શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ | ૯ |
| ૧૦૦. | શ્રી ભાઈજીભાઈ ગરબડભાઈ તડવી | ૧૧ |
| ૧૦૧. | શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ | ૧૧ |
| ૧૦૨. | શ્રી ભાઈલાલભાઈ મણીલાલ પટેલ | ૧૧ |
| ૧૦૩. | શ્રી ભાણજી ભીમજી પટેલ | ૧૧ |
| ૧૦૪. | શ્રી ભીમસીંગભાઈ ફોજસીંગ વસાવે | ૫ |
| ૧૦૫. | શ્રી ભીમસીંગભાઈ સીવાભાઈ ગામીત | ૧૧ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૦૬. | શ્રી ભુપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજા | ૪ |
| ૧૦૭. | શ્રી ભુલાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ૧૧ |
| ૧૦૮. | શ્રી ભોગીલાલ કાનજીભાઈ પટેલ | ૧૧ |
| ૧૦૯. | શ્રી મણીભાઈ આશારામ શાહ | ૧૧ |
| ૧૧૦. | શ્રી મધુભાઈ દાદુભાઈ દેસાઈ | ૧૧ |
| ૧૧૧. | શ્રી મનહરભાઈ અમરાભાઈ ચાવડા | ૧૧ |
| ૧૧૨. | શ્રી મનહરભાઈ ચંદુલાલ શાહ | ૧૧ |
| ૧૧૩. | શ્રી મનહરલાલ તુળજાશંકર શુક્લ | ૧૧ |
| ૧૧૪. | શ્રી મનુભાઈ રાજારામ પંચોળી | ૧૧ |
| ૧૧૫. | શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાળા | ૧૧ |
| ૧૧૬. | શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા | ૬ |
| ૧૧૭. | ડો. મહિપતરાય મૂળશંકર મહેતા | — |
| ૧૧૮. | શ્રી મંગળદાસ ગોરધનદાસ પોલા | ૧૧ |
| ૧૧૯. | શ્રી માણેકભાઈ સોમાભાઈ તડવી | ૧૧ |
| ૧૨૦. | શ્રી માનાભાઈ રેવાભાઈ ભાંભી | ૧૧ |
| ૧૨૧. | શ્રી માધવલાલ ભાઈલાલ શાહ | નાયબ મંત્રીશ્રી |
| ૧૨૨. | શ્રી માધવલાલ લલ્લુભાઈ પાધ્યા | ૧૧ |
| ૧૨૩. | શ્રી માધવસિંહ ફુલસિંહ સોલંકી | ૧૧ |
| ૧૨૪. | શ્રી માર્તંડરાય ગંગાશંકર શાસ્ત્રી | ૧૧ |
| ૧૨૫. | શ્રી મોહનલાલ ગોકળભાઈ પટેલ | ૧૧ |
| ૧૨૬. | શ્રી મોહમંદહુસેન અબ્દુલસમદ ગોલંદાઝ | ૧૧ |
| ૧૨૭. | શ્રી રણજિતસિંહજી ભાવસિંહજી ગોહિલ | ૧૧ |
| ૧૨૮. | શ્રી રતનભાઈ ગોવિંદભાઈ ગાવિત | ૧૧ |
| ૧૨૯. | શ્રી રતિલાલ ખુશાલદાસ પટેલ | ૧૦ |
| ૧૩૦. | શ્રી રમણલાલ ધનાભાઈ પટેલ | ૧૧ |
| ૧૩૧. | શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવા | અધ્યક્ષશ્રી |
| ૧૩૨. | શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી | ૧૧ |
| ૧૩૩. | શ્રી રામુભાઈ જેઠાભાઈ ભાટિયા | ૧૧ |
| ૧૩૪. | શ્રી રામુભાઈ બાલુભાઈ જાદવ | ૧૧ |
| ૧૩૫. | શ્રી રાયસિંહજી કેસરીસિંહજી જાડેજા | ૧૦ |
| ૧૩૬. | શ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવર | ૧૧ |
| ૧૩૭. | શ્રી લીલાધર પ્રાણજીવન પટેલ | ૪ |
| ૧૩૮. | શ્રીમતી વસંતબહેન જયસુખભાઈ શાહ | ૬ |
| ૧૩૯. | શ્રી વસંતલાલ વલ્લભદાસ મહેતા | ૯ |
| ૧૪૦. | ડૉ. વસંતલાલ વૃજલાલ પરીખ | ૧૧ |
| ૧૪૧. | શ્રી વાડીલાલ લલ્લુભાઈ મહેતા | ૧૦ |
| ૧૪૨. | શ્રી વિજયકુમાર માધવરાય ત્રિવેદી | ૧૧ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૪૩. | શ્રી વિજયસિંહજી ભારતસિંહજી ચૌહાણ | ૧૧ |
| ૧૪૪. | શ્રી વિનુભાઈ ભગવાનદાસ કોટડાવાલા | ૧૦ |
| ૧૪૫. | શ્રી વિનોદચંદ્ર ચુનીલાલ શાહ | સંસદીય સચિવશ્રી |
| ૧૪૬. | શ્રી વીરજી ભીમજી દાફડા | ૧૧ |
| ૧૪૭. | શ્રી વિરસિંહ ભુલાભાઈ પસાયા | ૧૧ |
| ૧૪૮. | શ્રી વીરૂમલ ખુશાલદાસ તારાચંદાની | ૧૦ |
| ૧૪૯. | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૧૧ |
| ૧૫૦. | શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ | ૭ |
| ૧૫૧. | શ્રી શંભુભાઈ દેવજી પટેલ | ૧૦ |
| ૧૫૨. | શ્રી શામળભાઈ લલ્લુભાઈ પટેલ | ૧૧ |
| ૧૫૩. | શ્રીમતી શાંતાબેન ભોળાભાઈ પટેલ | ૧૦ |
| ૧૫૪. | શ્રી શાંતિલાલ રણછોડદાસ શાહ | મંત્રીશ્રી |
| ૧૫૫. | શ્રી શાંતિલાલ સ્વરૂપચંદ શાહ | નાયબ મંત્રીશ્રી |
| ૧૫૬. | શ્રી શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ | ૧૧ |
| ૧૫૭. | શ્રી શિવરાજકુમાર ખાચર | ૬ |
| ૧૫૮. | શ્રી સતુભાઈ દેવુભાઈ ઠાકરિયા | ૭ |
| ૧૫૯. | શ્રી સનતકુમાર મગનલાલ મહેતા | ૧૧ |
| ૧૬૦. | શ્રીમતી સુમિત્રાબહેન હરિપ્રસાદ ભટ્ટ | ૭ |
| ૧૬૧. | શ્રી સુરેન્દ્રસિંહજી જોરાવરસિંહજી ઝાલા | — |
| ૧૬૨. | શ્રી સુલેમાન યુસુફ ઉનિયા | ૧૧ |
| ૧૬૩. | ડો. સોમાભાઈ છકકડભાઈ દેસાઈ | ૧૧ |
| ૧૬૪. | શ્રી હરિભાઈ રતનાભાઈ ડોરિયા | ૧૧ |
| ૧૬૫. | શ્રી હિતેન્દ્રભાઈ કનૈયાલાલ દેસાઈ | મુખ્ય મંત્રીશ્રી |
| ૧૬૬. | શ્રી હિંમતભાઈ મથુરભાઈ રજવાડી | નાયબ મંત્રીશ્રી |
| ૧૬૭. | શ્રી હિરૂભાઈ મૂળજીભાઈ પટેલ | ૯ |
| ૧૬૮. | શ્રીમતી હીરાબહેન લાલચંદ નાનામા | ૧૧ |

## પત્રક ક્રમાંક-૨

### સભ્યશ્રીઓની તારીખવાર હાજરી

### (અધ્યક્ષ મંત્રી, નાયબ મંત્રી અને સંસદીય સચિવ સિવાય)

| તારીખ | હાજર | ગેરહાજર | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૨૪-૧૧-૬૯ | ૧૩૫ | ૧૫ | ૧૫૦ |
| ૨૫-૧૧-૬૯ | ૧૩૦ | ૨૦ | ૧૫૦ |
| ૨૬-૧૧-૬૯ | ૧૩૨ | ૧૮ | ૧૫૦ |
| ૨૭-૧૧-૬૯ | ૧૩૪ | ૧૬ | ૧૫૦ |
| ૨૮-૧૧-૬૯ | ૧૩૬ | ૧૪ | ૧૫૦ |
| ૧-૧૨-૬૯ | ૧૩૭ | ૧૩ | ૧૫૦ |
| ૨-૧૨-૬૯ | ૧૩૬ | ૧૪ | ૧૫૦ |
| ૩-૧૨-૬૯ | ૧૩૫ | ૧૫ | ૧૫૦ |
| ૪-૧૨-૬૯ | ૧૩૫ | ૧૫ | ૧૫૦ |
| ૫-૧૨-૬૯ | ૧૩૮ | ૧૨ | ૧૫૦ |
| ૮-૧૨-૬૯ | ૧૪૬ | ૪ | ૧૫૦ |

પત્રક ક્રમાંક-૩

## અધિવેશન દરમ્યાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ.

### સોમવાર, તા. ૨૪મી નવેમ્બર, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. ભૂતપૂર્વ મુંબઇ વિધાનસભાના સભ્ય, શ્રી વ્રજલાલ કેશવલાલ મહેતા, તેમજ ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય શ્રી ફૂલચંદ પરષોતમ તંબોળીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને સદ્દગતોને સ્મરણાંજલિ આપવામાં આવી.

૩. અધ્યક્ષશ્રીની અગાઉથી પરવાનગી મેળવીને વિ. સ. સ, શ્રી એચ. એમ. પટેલે એવો મુદ્દો રજૂ કર્યો કે નિયમ ૩૪ (૨)ના આધારે ગુજરાતનાં કોમી તોફાનો અંગે કમિશન નિમાયેલું હોવાથી ઘણા પ્રશ્નો નામંજૂર થાય છે. તેમણે એમ પણ જણાવ્યું કે જો રાજ્ય-સભામાં આ બાબતની ઉઘાડી ચર્ચા થઈ શકતી હોય તો આ ગૃહમાં પ્રશ્નો દાખલ થવા જોઈએ અને ચર્ચા પણ કરવી જોઈએ. જરૂર હોય તો બંધ બારણે ચર્ચા કરાય. વળી સરકારે પાર્લામેન્ટમાં રજૂ કરવાની માહિતી જો આપી તો તેવી માહિતી તો આ ગૃહમાં રજૂ થઈ શકે. અન્ય સભ્યોને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, કમિશનના કામ-કાજને અસર ન પડે એ જાતના હકીકત માગતા પ્રશ્નો સામાન્યરીતે દાખલ કરવામાં આવે છે અને આજે જ તેવો એક પ્રશ્ન ગૃહ આગળ આવ્યો હતો, છતાં કોઈ ચોક્કસ કિસ્સામાં કોઈ ફરિયાદ હશે તો તેની ફેરવિચારણા કરી શકાશે. સરકારે સંસદને આપેલી માહિતી અંગે જો પ્રશ્ન આવશે તો તે અંગે જરૂર વિચાર કરી શકાશે.

ગુપ્ત રીતે ચર્ચા કરવી કે કેમ તે સંબંધમાં તેમણે સૂચવ્યું કે ગૃહના નેતા અને વિરોધ-પક્ષના નેતા મળીને આ બાબતમાં મળીને કોઈ ઉકેલ કાઢશે તો તેનો જરૂર વિચાર કરી શકાશે.

આ ખુલાસો કરીને ઊભો કરેલો કાનૂની મુદ્દો તેમણે સ્વીકાર્યો નહોતો.

૪. તા. ૨૪-૧૧-૬૯ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષ-શ્રીએ વાંચી સંભળાવી.

ત્યારપછી સંસદીય બાબતોના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ મજકૂર ભલામણો સાથે સંમત થાય. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૫. વિ. સ. સ., શ્રી નારણભાઇ શી. પટેલે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૦ ન્વયે, અધ્યક્ષશ્રીની સંમતિથી, વિશેષાધિકારનો પ્રશ્ન ઉપસ્થિત કરવાની સભાગૃહની પરવાનગી

માગતાં જણાવ્યું કે તા. ૨૧-૮-૬૯ના રોજ ગૃહમાં તેમણે કરેલા પ્રવચન અંગે મોડાસા તાલુકા પંચાયતે તેમની વિરુધ્ધ ઠરાવ પસાર કરી સભ્યશ્રીને ઉતારી પાડવાનો પ્રયાસ કર્યો છે અને તેથી તે તાલુકા પંચાયતે આ ગૃહના વિશેષાધિકારનો ભંગ કર્યો છે. સભાગૃહે સભ્યશ્રીને વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન ઉપસ્થિત કરવાની પરવાનગી આપી. અધ્યક્ષશ્રીએ આ પ્રશ્ન નિયમ ૨૫૩ અન્વયે વિશેષાધિકાર સમિતિને સોંપ્યો.

૬. વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજા વતી વિ. સ. સ., શ્રી સનત મહેતાએ, નિયમ ૧૧૬ અન્વયે, ચાલુ વર્ષે દુષ્કાળ જેવી પરિસ્થિતિ રાજ્યના કેટલાક વિસ્તારોમાં પ્રવર્તતી હોવા છતાં પુરેપુરી આનાવારી જાહેર કરવાના મહેસૂલી તંત્રના વલણ સામે, લોકોના ઉગ્ર વિરોધના પરિણામે ના-કરની લડત આવી પડે તેવી પરિસ્થિતિ અને તે સામે સરકારે લીધેલાં પગલાં તરફ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ મંત્રી, શ્રી પ્રેમજીભાઈ ઠક્કરે તેમનું નિવેદન રજૂ કર્યું સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૭. મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી વિનોદચંદ્ર શાહે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૮--૬૯નો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૮. પ્રવર સમિતિના પ્રમુખ અને નાણા મંત્રી, શ્રી જશવંત મહેતાએ સન ૧૯૬૯ના વિ. સ. વિધેયક ક્રમાંક ૩૦ (સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા વિધેયક) પર પ્રવર સમિતિનો અહેવાલ રજૂ કર્યો અને ટૂંકું પ્રવચન કર્યું.

૯. નાયબ સહકાર મંત્રી, શ્રી માધવલાલ શાહે સન ૧૯૬૯નો ગુજરાત સહકારી મંડળી અને મુંબઈ જમીન સુધારણા યોજના (સુધારા વટહુકમ) (ગુજરાતનો સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૪) વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૧૦. નાણા મંત્રી, શ્રી જશવંત મહેતાએ સન ૧૯૬૯નો ગુજરાત આકસ્મિક નિધિ (સુધારા) વટહુકમ (ગુજરાતનો સન ૧૯૬૯ નો વટહુકમ ક્રમાંક-૫) વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૧૧. સચિવશ્રીએ જે ૩ વિધેયકોને રાષ્ટ્રપતિની અને જે ૬ વિધેયકોને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેનાં નામ વાંચી સંભળાવ્યાં.

૧૨. નાણા મંત્રી, શ્રી જશવંત મહેતાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત સ્ટેટ ફાઈનેન્શીયલ કોરપોરેશનનું સન ૧૯૬૭-૬૮ અને ૬૮-૬૯નું કામકાજ વિચારણામાં લેવામાં આવે.

૧૩. જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રીએ એક પછી એક પ્રસ્તાવો રજૂ કર્યા કે મજકૂર સમિતિના પહેલા અને બીજા અહેવાલ વિચારણામાં લેવામાં આવે.

ત્યાર પછી ઉપરોક્ત બાબત ૧૨ અને ૧૩ માં જણાવ્યા પ્રમાણેના પ્રસ્તાવો પર એક સાથે ચર્ચા થઇ. ચર્ચાનો જવાબ જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ શ્રી ચંદ્રશંકર ભટ્ટ તેમજ નાણામંત્રીશ્રી જશવંત મહેતાએ આપ્યો ચર્ચા પૂરી થઇ.

૧૪. (૧) અધ્યક્ષશ્રીએ સભાગૃહની હવે પછીની બેઠકોના સમય અંગે જાહેરાત કરી કે અઠવાડિયાના છેલ્લા દિવસે સવારના ૮ થી ૧ નો અને આ અઠવાડિયા દરમ્યાન બીજા દિવસોએ બપોરના ૧ થી ૬ વાગ્યા સુધી અને ત્યારપછી બપોરના ૧૨ થી ૫ સુધીનો સમય રહેશે.

(૨) અધ્યક્ષશ્રીએ વધુમાં જાહેર કર્યું કે તેમને કોંગ્રેસ પક્ષના મુખ્ય દંડક, શ્રી ઈન્દુભાઈ પટેલ તરફથી પત્ર મળ્યો છે જેમાં તેમણે જણાવ્યું છે કે વિ. સ. સ., શ્રી ગંગારામ રાવલ કોંગ્રેસપક્ષના સભ્ય હવે રહેતા ન હોવાથી તેમના માટે ગૃહમાં અન્યત્ર જગા આપવી. આ બાબતમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.

## મંગળવાર, તા. ૨૫મી ડિસેમ્બર, ૧૯૬૯

પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

વિ. સ. સ. શ્રી એચ. એમ. પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે નાયબ પંચાયત મંત્રીશ્રી પ્રશ્નોના જવાબ આપતા નથી અને જ્યારે તેઓ મૂંઝવણભરી પરિસ્થિતિમાં મૂકાય છે ત્યારે ખાતાના મંત્રીશ્રી કે બીજા મંત્રીશ્રીઓ કે કાયદા મંત્રીશ્રી પણ વચ્ચે દરમ્યાનગીરી કરીને માહિતી પૂરી પાડવા પ્રયત્ન કરતા નથી અને તેથી આ મંત્રીમંડળ "useless" છે.

કાયદા મંત્રીશ્રીએ તેમનો ખુલાસો કરતાં જણાવ્યું કે સંબંધિત મંત્રીશ્રી જવાબ આપતા હોય ત્યાર કાયદા મંત્રીશ્રી વચ્ચે જવાબ આપી શકે નહિ અને તેથી શ્રી એચ. એમ. પટેલે કાયદા મંત્રીશ્રીને બીજા મંત્રીશ્રીઓથી વ્યક્તિગત રીતે જુદા પાડીને આક્ષેપો કર્યા છે તેને " honourable " ગણી શકાય નહિ.

વિ. સ. સ., શ્રી એચ. એમ. પટેલે તેમના જવાબમાં જણાવ્યું કે તેમણે કાયદા મંત્રીશ્રી માટે કોઈ આયોગ્ય શબ્દપ્રયોગ કર્યો નથી અને જો કાંઇ બોલ્યા હોય તો તેઓ તે શબ્દો પાછા ખેંચી લેવા તૈયાર છે. તેમનું વલણ "honourable" નથી, એવા કાયદા મંત્રીશ્રીએ કરેલા શબ્દ પ્રયોગનો વિ. સ. સ., શ્રી પટેલે વિરોધ કર્યો.

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે માનનીય સભ્યશ્રી એચ. એમ. પટેલે મંત્રીમંડળને ઉદ્દેશીને " useless " (નકામું) શબ્દ વાપર્યો છે તેથી તે શબ્દ કોઈ વ્યકિત અંગે વપરાયો નથી પરંતુ મંત્રીમંડળ સામે વપરાયો છે અને તેથી તેને અસંસદીય ગણી શકાય નહિ.

ત્યારબાદ વિ. સ. સ., શ્રી સનત મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં જણાવ્યું કે નાયબ પંચાયત મંત્રીશ્રી પ્રશ્નોના યોગ્ય રીતે જવાબ આપતા નથી અને પ્રશ્નથી વેગળા જવાબ

મળે છે અને તેથી પુછાએલા પ્રશ્નના સીધા જવાબ આપવાની મંત્રીશ્રીને અધ્યક્ષશ્રીએ ફરજ પાડવી જોઈએ.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે એ વાત સાચી છે કે પ્રશ્ન રિલેવન્ટ હોવો જોઈએ, તેવી જ રીતે ઉત્તર પણ રિલેવન્ટ હોવો જોઈએ. મંત્રીશ્રીનો જવાબ જો તેમ ન હોય તો સભ્યશ્રી ફરિયાદ કરીને વધારે પ્રશ્નો પૂછીને માહિતી કઢાવી શકે, પરંતુ આ બાબતમાં અધ્યક્ષની સત્તા મર્યાદિત છે. તેઓ મંત્રીશ્રીનું ધ્યાન ઉત્તર રિલેવન્ટ ન હોય ત્યારે ખેંચી શકે, વધારે જઈ ન શકે, આવું જણાવીને વાંધો નામંજૂર કરતાં છતાં તેમણે જણાવ્યું કે મંત્રીશ્રીએ પૂરતો જવાબ આપવા માટે શકય તેટલી મહેનત કરવી જોઈએ અને પ્રશ્ન સાંભળ્યા પછી તેમની પાસે જો માહિતી હોય તો તે તેમણે આપવી જોઈએ અને સંબંધિત માહિતી તેમની પાસે ઉપલબ્ધ ન હોય તો તે પ્રમાણેનું કથન કરવું જોઈએ.

૨. નાણા મંત્રીશ્રી, જશવંત મહેતાએ સન ૧૯૬૯–૭૦ના નાણાંકીય વર્ષના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

૩. વાહન વ્યવહાર મંત્રીશ્રી, ચીમનભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનું સન ૧૯૬૭–૬૮નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વાહન વ્યવહાર મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

### બુધવાર, તા. ૨૬મી નવેમ્બર, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. ઉદ્યોગ મંત્રીશ્રી જશવંત મહેતાએ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૧૯૬૮–૬૯નો (સાતમો) વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૩. વિદ્યુત મંત્રી શ્રી બાબુભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૬૯–૭૦નું વાર્ષિક નાણાકીય વિવરણપત્રક (અંદાજ) વિચારણામાં લેવામાં આવે.

ચર્ચા શરૂ થતાં પહેલા અધ્યક્ષશ્રીએ અવલોકન કર્યું કે કેટલાક માનનીય સભ્યો પોતાનું ભાષણ કરીને તરત જ ગૃહ છોડીને ચાલ્યા જાય છે તે બરાબર નથી. માનનીય મંત્રીશ્રીના જવાબ વખતે તો હાજર રહેવું જોઈએ પણ વચ્ચે પણ હાજર રહેવું જોઈએ, તો જ ચર્ચામાં ભાગ લીધો કહેવાય. જો માનનીય સભ્યોની આવી વર્તણૂંક ચાલુ રહેશે તેમના તરફ અધ્યક્ષશ્રીનું ધ્યાન જશે નહિ.

ત્યારપછી પ્રસ્તાવ ચર્ચા પર થઈ. ચર્ચાનો જવાબ વિદ્યુત મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

## ગુરૂવાર, તા. ૨૭મી નવેમ્બર, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. નાણા મંત્રીશ્રી જશવંત મહેતાએ જેને માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી ન હોય તેવી, તા. ૨૫મી નવેમ્બર ૧૯૬૯ સુધી આકસ્મિક ફંડમાંથી મંજૂર કરાયેલી પેશગીઓ દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૩. અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી કાંતિલાલ ધીયાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે અંદાજ સમિતિના સાતમા, આઠમા અને નવમા અહેવાલોને વિચારણામાં લેવામાં આવે.

વિ. સ. સ., શ્રી રતિલાલ ખુશાલદાસે ઉપર્યુક્ત પ્રસ્તાવના વિકલ્પે પ્રસ્તાવ રજૂ કર્યો કે અંદાજ સમિતિના સાતમા, આઠમા અને નવમા અહેવાલોમાં સમિતિએ કરેલી ભલામણો સરકાર સ્વીકારે અને તેનો તાકીદે અમલ કરે.

ત્યારપછી બંને પ્રસ્તાવો પર એક સાથે ચર્ચા થઇ. ચર્ચા બાદ વિ. સ. સ., શ્રી રતિલાલ ખુશાલદાસનો વૈકલ્પિક પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો. ચર્ચા પૂરી થઇ.

## શુક્રવાર, તા. ૨૮મી નવેમ્બર, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. નાયબ આરોગ્ય મંત્રી શ્રી ઊર્મિલાબહેન ભટ્ટે સન ૧૯૬૯ના ગુજરાત મેડિકલ કાઉન્સિલના નિયમો ઘડતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧લી નવેમ્બર, ૧૯૬૯ની અધિસૂચના ક્રમાંક-જીએચપી./૧૭૩૮/જીએમસી/૧૦૬૮/૮૩૮૨/સીએચએચ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૩. નાણા મંત્રી શ્રી જશવંત મહેતાએ સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમની કલમ ૨ (૨) (આ) અન્વયે સરકારે તા. ૮-૮-૧૯૬૯ થી ૧-૧૧-૧૯૬૯ સુધીમાં આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૪. ત્રીજી ગુજરાત વિધાનસભાના પાંચમા અધિવેશનમાં તા. ૨૬મી માર્ચ, ૧૯૬૯ના રોજ વિશેષાધિકાર સમિતિના પ્રમુખશ્રીએ રજૂ કરેલો પ્રસ્તાવ, જેવો કે વિશેષાધિકાર સમિતિનો ચોથો અહેવાલ વિચારણામાં લેવામાં આવે અને તે પ્રસ્તાવ પરના આ પ્રશ્ન વિશેષાધિકાર સમિતિને ફેરવિચારણા માટે પાછો સોંપવામાં આવે તેવા વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ રજૂ કરેલા સુધારા પરની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી.

સમિતિના પ્રમુખશ્રીએ મજકૂર પ્રસ્તાવ અંગે ટૂંકું પ્રવચન કર્યું. ત્યારપછી વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાનો મજકૂર સુધારો મત માટે મૂકવામાં અને નામંજૂર કરવામાં આવ્યો.

ત્યારપછી વિશેષાધિકાર સમિતિનો ચોથો અહેવાલ વિચારણામાં લેવામાં આવે તે પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૫. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ શ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ વિશેષાધિકાર સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.

વિ. સ. સ. શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ મજકૂર પ્રસ્તાવ ઉપર સુધારો રજૂ કર્યો "જય-કચ્છ"ના તંત્રી અંગે સમિતિએ કરેલી ભલામણ સિવાય વિશેષાધિકાર સમિતિના ચોથા અહેવાલ સાથે આ સભાગૃહ સંમત થાય અને "જય-કચ્છ"ના મંત્રીએ વ્યકત કરેલી દિલગીરીનો સ્વીકાર કરે અને તેમની સામે કોઈપણ પગલાં ન લે, ત્યારપછી વિ. સ. સ. શ્રી નરેન્દ્ર-સિંહજી ઝાલાએ તેમના મંતવ્યો રજૂ કર્યા.

વિ. સ. સ. શ્રી નરેન્દ્રસિંહજી ઝાલા તેમનું પ્રવચન કરતા હતા ત્યારે વિ. સ. સ., શ્રી ઇન્દુભાઈ પટેલે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે અહેવાલની ફેરવિચારણાનો પ્રસ્તાવ નામંજૂર થયો હોવાથી, હવે આ પ્રશ્ન ગૃહના નિર્ણય માટે આવેલ છે કે વિશેષાધિકાર સમિતિનો ચોથો અહેવાલ સ્વીકારવો કે સભ્યશ્રી નરેન્દ્રસિંહજી ઝાલાનો તે પરનો સુધારો સ્વીકારવો અને આ સંજોગોમાં મજકર સમિતિના અહેવાલ અંગે ટીકા કરવી યોગ્ય છે કે કેમ.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ કાનૂની મુદ્દો સ્વીકારતા જણાવ્યું કે ગૃહની સમિતિનો અહેવાલ ચર્ચતી વખતે સમિતિ સમક્ષ રજૂ થયેલા પુરાવાની સભ્યે તુલના કરી તે વસ્તુનો વિચાર કરવો જોઈએ. પરંતુ સમિતિ અજ્ઞાત હતી કે સમિતિનું આ કાર્ય ન હતું કે સમિતિએ આ કરવું જોઈતું હતું કે ન કરવું જોઈતું હતું એવી શબ્દ રચના વાપરવાને બદલે જો પ્રવચન કરનાર સભ્ય એમ કહે કે સમિતિ આગળ જે સૂચના રજૂઆત થઈ છે તેના ઉપરથી આ ગૃહ માટે યોગ્ય વાત એ છે કે સભ્યે જણાવેલી બાબતના નિર્ણય પર ગૃહ આવે. આવો શબ્દપ્રયોગ કરવામાં આવે તો કોઈને મનદુઃખ થવાનું કારણ રહે નહિ. તેમણે અંતમાં જણાવ્યુ કે ગભિત રીતે પણ સમિતિ પર કોઈ જાતના આક્ષેપ થાય તો તે ડીસ ઓર્ડરલીનેસ કહેવાય તેથી તેમણે સભ્યશ્રીને એવો શબ્દપ્રયોગ ન કરવાનું સૂચન કર્યું

વિ. સ. સ., શ્રી દ્વારકાદાસ બારાઈએ મુદ્દો રજૂ કર્યો કે સામાન્ય રીતે આ ગૃહની એવી કાર્યરીતિ છે કે બધા સુધારાઓ ઉપર બોલાઈ જાય ત્યારપછી બધા સુધારા પર મત લેવામાં આવે છે. પરંતુ આ બાબતમાં તો વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાનો સુધારો અગાઉ મત માટે મૂકવામાં આવ્યો છે અને ત્યારપછી શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાનો સુધારો લેવામાં આવ્યો છે. આ અંગે તેમણે અધ્યક્ષશ્રીને સ્પષ્ટતા કરવા વિનંતી કરી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, જ્યારે કોઈપણ સુધારો કે પ્રસ્તાવ ગૃહ સમક્ષ આવે ત્યારે જે સુધારો પસાર કરવાથી એ પ્રસ્તાવ પરની ચર્ચા તરત બંધ થતી હોઈ એ સુધારો હંમેશા પહેલો લેવો પડે. એટલે સમિતિને આ કામ પાછું મોકલવું એવો સુધારો જો પસાર થાય તો

બીજી ચર્ચા રહેતી નથી અને તેથી તેવા સુધારાને હંમેશા સ્વતંત્ર રીતે પહેલાં મત ઉપર મૂકીને નિર્ણય કરવો જોઇએ કે જેથી તે પછીનું બીજું કામ ચાલે.

ત્યારપછી ચર્ચા આગળ ચાલી. ચર્ચાનો જવાબ વિશેષાધિકાર સમિતિના પ્રમુખ શ્રી માધવસિંહ સોલંકીએ આપ્યો.

વિ. સ. સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ તેમના સુધારા અંગે જવાબ આપ્યો.

આ તબકકે જય-કચ્છના તંત્રીશ્રીની માફી બાબતમાં અધ્યક્ષશ્રી જે ફોર્મ નકકી કરે તે ફોર્મમાં માફી માગવા તંત્રીને કહેવું તે પ્રકારની વિશેષાધિકાર સમિતિએ કરેલી ભલામણ અંગે અધ્યક્ષશ્રીએ અવલોકન કર્યું.

ત્યારપછી ગૃહની પરવાનગીથી વિ. સ. સ. શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાનો પ્રસ્તાવ પાછો ખેંચી લેવામાં આવ્યો.

ત્યારપછી મૂળ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૬. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ શ્રી માધવસિંહ સોલંકી એ પ્રસ્તાવ રજૂ કર્યો કે સમિતિનો પાંચમો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૭. વિશેષાધિકાર સમિતિના પ્રમુખશ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ વિશેષાધિકાર સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય અને તે અંગે ટૂંકું નિવેદન કર્યું. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૮. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ શ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે વિશેષાધિકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૯. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ શ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ વિશેષાધિકાર સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય અને તે અંગે ટૂંકું પ્રવચન કર્યું. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૧૦. ખેતી અને સહકાર મંત્રી શ્રી ઠાકોરભાઈ દેસાઇએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્ય વેર હાઉસીંગ કોરપોરેશનનું સન ૧૯૬૬-૬૭નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ નાયબ ખેતી મંત્રી, શ્રી માધવલાલ શાહે આપ્યો. ચર્ચા પૂરી થઈ.

## સોમવાર, તા. ૧લી ડિસેમ્બર, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ થયું. મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીએ પૂરક માગણીઓની વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

હિસાબના મુખ્ય સદર " ૧૯-સામાન્ય વહીવટ (સામાન્ય વહીવટ વિભાગ) " અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર પૂરક માગણી પર ૨ કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવી.

ત્યારપછી ઉપરોક્ત પૂરક માગણી અને કાપ દરખાસ્તો પર એક સાથે ચર્ચા શરૂ થઇ. ચર્ચા બાદ કાપદરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઇ અને પૂરક માગણી પર મત લેવાતાં તે મંજૂર કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર " ૬૪-દુષ્કાળ રાહત " અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર પૂરક માગણી પર ૬ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર " ૭૧-પરચૂરણ, ૭૬-બીજાં પરચૂરણ વળતર અને નામફેર " અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર પૂરક માગણી પર ૭ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર " ક્યુ-રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ (મહેસૂલ વિભાગ) " અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર પૂરક માગણી પર ૩ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર " ક્યુ-રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ (બાંધકામ વિભાગ) " અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર પૂરક માગણી પર ૧ કાપ દરખાસ્ત રજૂ કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર " ૧૯-સામાન્ય વહીવટ (કાયદા વિભાગ) " અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર પૂરક માગણી પર ૨ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર " ૧૯-સામાન્ય વહીવટ " અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર પૂરક માગણી પર ૩ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર " ૯-જમીન મહેસૂલ (મહેસૂલ વિભાગ) " અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર પૂરક માગણી પર ૨ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી.

વિ. સ. સ. શ્રી બાલાશંકર જોશીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે પૂરક માગણી ક્રમાંક ૨૭ હેઠળ રૂા. ૧૦,૦૦,૦૦,૦૦૦ જેટલી મોટી રકમની માગણી કરવામાં આવી હોવાથી

તે માગણી અંગે જે વિગતો આપવામાં આવી છે તેથી વધારે વિગતો જિલ્લાવાર જિલ્લા પંચાયતોને આપવામાં આવતી રકમો માટે આપવાની જરૂર છે.

અન્ય સભ્યો અને મહેસૂલ મંત્રીશ્રી પ્રેમજીભાઈ ઠક્કરને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે જે સંદર્ભમાં આ માગણી કરવામાં આવી છે એ સંદર્ભમાં નિયમ ૨૨૪ અન્વયે સરકાર પર material details આપવાની જે જવાબદારી નાખવામાં આવી છે તે નિયમ મુજબ આ માગણી અંગે આપવામાં આવેલી વિગતો અપૂરતી છે એમ કહી શકાય નહિ.

ત્યારપછી ઉપરોક્ત પૂરક માગણીઓ અને કાપદરખાસ્તો પર એક સાથે ચર્ચા શરૂ થઈ.

૩. અધ્યક્ષશ્રીએ તા. ૧-૧૨-૧૯૬૯ ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની તા. ૪-૧૨-૧૯૬૯ ના દિવસ અંગેના સભાગૃહના કામકાજ અંગેની ભલામણો વાંચી સંભળાવી. વિ. સ.સ. શ્રી મનોહરસિંહજી જાડેજાએ જણાવ્યું કે સમિતિએ જે વિધેયકો તા. ૪-૧૨-૧૯૬૯ ના રોજ ચર્ચા માટે લેવાની ભલામણ કરી છે તે વિધેયકોની ચર્ચા માટે કેટલો સમય ફાળવવામાં આવ્યો છે તે બાબતે નિર્દેશ કરવામાં આવ્યો નથી અને વિનિયોગ વિધેયક અંગેની ચર્ચા માટે સમય પૂરતો થતો ન હોવાથી તે અંગે પણ સમય બાબત સ્પષ્ટતા કરવા વિનંતી કરી. સંસદીય બાબતોના મંત્રી શ્રી ચીમનભાઈ પટેલે આ અંગે સ્પષ્ટતા કર્યા બાદ ભલામણો બાબતમાં વિચારણા કરવા સભ્યોને સમય મળે એટલા માટે ભલામણો સ્વીકારવા અંગેનો પ્રસ્તાવ તારીખ ૨-૧૨-૧૯૬૯ના રોજ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવે એમ નક્કી કરવામાં આવ્યું.

૪. ત્યારપછી પૂરક માગણીઓ અને કાપદરખાસ્તો ઉપર અધૂરી રહેલી ચર્ચા થઈ. કાપદરખાસ્તો મત માટે મૂકવામાં આવતી હતી ત્યારે વિ. સ. સ. શ્રી સનત મહેતાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. કાપદરખાસ્ત ક્રમાંક ૪ ઉપર વિભાજન થતાં તરફેણમાં ૪૨ અને વિરુદ્ધમાં ૯૨ મત પડતાં, કાપદરખાસ્ત નામંજૂર કરવામાં આવી. ત્યારપછી બીજી કાપદરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઈ અને માગણીઓ મંજૂર કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૧૨-વેચાણ વેરો" (નાણા વિભાગ) અન્વયેની પૂરક માગણી ક્રમાંક-૬ રજૂ થઈ અને કોઈ પણ જાતની ચર્ચા વગર તે મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**મંગળવાર, તા. ૨જી ડિસેમ્બર, ૧૯૬૯**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી પ્રવિણચંદ્રસિંહજીએ સમિતિના સત્તરમા અહેવાલની રજૂઆત કરી અને ત્યારબાદ અહેવાલને મંજૂર રાખવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૩. સંસદીય બાબતોના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે તા. ૧-૧૨-૬૯ ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂકેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો સાથે આ સભાગૃહ સંમત થાય.

વિ. સ. સ., શ્રી મનોહરસિંહજીએ સુધારો સૂચવતાં જણાવ્યું કે કામકાજ સલાહકાર સમિતિની ભલામણો પુન: વિચારણા માટે સમિતિને પરત કરવામાં આવે અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

પૂરક વિનિયોગ વિધેયક અંગે કામકાજ સલાહકાર સમિતિના અહેવાલમાં ચોકકસ સમય ફાળવવામાં આવ્યો ન હોવા બાબતમાં કેટલાક સભ્યોએ અસંતોષ વ્યકત કરતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેમને બહુ ગંભીરતાપૂર્વક વિચાર કરતાં લાગે છે કે આ ગૃહે નિયમ ઘડીને અધ્યક્ષશ્રીને સમિતિના પ્રમુખ બનાવ્યા છે. એથી તેમની સ્થિતિ મુશ્કેલભરી બને છે. તેમણે વધુમાં જણાવ્યું કે જો સમય નહી ફાળવ્યો હોય તો સમય ફાળવવા માટેનાં જે ધોરણો નિયમોમાં છે એ ધોરણો પ્રમાણે ચાલવાનું રહે. રિપોર્ટની અંદર કોઈક વસ્તુની જોઈએ તેટલી ચોખવટ ન થઈ હોય છતાં સમિતિના સભ્યો જે વસ્તુથી પરિચિત છે એ વસ્તુથી કોઈ બીજો વિચાર છે એમ માનવું એ તેમને લાગે છે કે સમિતિના અધ્યક્ષને અન્યાય કરવા બરાબર છે. આવી પરિસ્થિતિમાં જ્યાં સુધી નિયમમાં સુધારો ન થાય ત્યાં સુધી સમિતિની કોઈપણ બેઠકોમાં તેઓ હવેથી હાજર નહી રહે તેવો તેમણે નિર્ણય કર્યો છે. એનું પરિણામ જે આવવાનું હશે તે ઉપર ગૃહે નિર્ણય કરવાનો રહે.

થોડા સમય બાદ સંસદીય બાબતોના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલ તેમજ સ્વતંત્ર પક્ષના મુખ્ય દંડક વિ. સ. સ., શ્રી ઉદેસિંહ વડોદિયાએ અધ્યક્ષશ્રીને તેમણે કરેલ નિર્ણયમાં ફેરવિચારણા કરવા આગ્રહભરી વિનંતી કરી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેમની ચિંતા એટલી જ છે કે આ ગૃહના લઘુમતી પક્ષના કોઈપણ માનનીય સભ્યને એમ લાગે કે આ જ જાતના વિધેયકો અંગે કામકાજ સલાહકાર સમિતિની જે ભલામણો છે એ ભલામણોની અંદર એમના હિતનું અધ્યક્ષશ્રી રક્ષણ કરી શકતા નથી તો તેમને લાગે છે કે એ ભલામણોની અંદરથી તેમણે દૂર રહેવું વાજબી ગણાય. એટલા માટે જ તેમને આ નિર્ણય ઉપર આવવું પડે છે. એમ છતાં બીજી વખતે જ્યારે પ્રસંગ આવશે ત્યારે ફરી વખત વિચાર કરવામાં કંઈ મુશ્કેલી આવશે નહિ.

ત્યારપછી સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને તે નામંજૂર કરવામાં આવ્યો. ત્યારબાદ મંત્રીશ્રીએ રજૂ કરેલો ઉપરોકત પ્રસ્તાવ મૂળ સ્વરૂપમાં મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.

૪. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન બીજે દિવસે ચાલુ રહ્યું. હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. મંજૂર પૂરક માગણી પર ૨ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૪૨-બહુલક્ષી નદી યોજનાઓ, ૪૩-સિંચાઈ નૌપરિવહન બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યિક) ૪૪-સિંચાઈ, નૌપરિવહન બંધ અને પાણી નિકાલના કામ (બિન-વાણિજ્યિક)" અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મંજૂર પૂરક માગણી પર ૬ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૯૮-બહુલક્ષી નદી યોજનાઓ અંગે મૂડી જોગવાઈ, ૯૯-સિંચાઈ, નૌપરિવહન બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઇ (વાણિજ્યિક)

૧૦૭-સિંચાઈ, નૌપરિવહન બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (બિન-વાણિજ્યક)" અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર પૂરક માગણી પર ૯ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૧૦૭-ગુજરાતના પાટનગર અંગે ખર્ચ (બાંધકામ વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર પૂરક માગણી પર ૨ કાપદરખાસ્તો રજૂ કરવામાં આવી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "ક્યુ-રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ (ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. મજકૂર માગણી પર ૧ કાપદરખાસ્ત રજૂ કરવામાં આવી.

કાપદરખાસ્તો અને પૂરક માગણીઓ પર એક સાથે ચર્ચા થઇ. કાપદરખાસ્તો પર મત લેવાતાં નામંજૂર થઇ. ત્યારપછી મજકૂર પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવી.

## બુધવાર તા. ૩જી ડિસેમ્બર, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી ભાઈલાલભાઈ દ્યા. પટેલે, આ સભાગૃહ ગુજરાત રાજ્યના વર્તમાન પ્રધાનમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરે છે, તે બાબતનો પ્રસ્તાવ રજૂ કરવા ગૃહની પરવાનગી માગી. પરવાનગી આપવાની તરફેણમાં ૧૭ કરતાં વધુ સભ્યો ઉભા થતાં, પરવાનગી આપવામાં આવી.

ત્યારપછી અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ પર ચર્ચા ક્યારે હાથ ધરવી તે નક્કી કરવા બાબતમાં ગૃહનું મંતવ્ય જાણવાની ઈચ્છા દર્શાવતાં સંસદીય બાબતોના મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે તે બાબત તરત જ હાથ ધરવા વિનંતી કરી અને નિયમ ૫૫ હેઠળ પ્રસ્તાવ રજૂ કરવા અધ્યક્ષશ્રીની અનુમતિ માગી અને જણાવ્યું કે નિયમ ૧૦૬ (૩) માંથી "ત્રણ દિવસ પહેલાં ચર્ચા રાખી ન શકાય" એટલા શબ્દો હાલ પૂરતા બાકાત રાખવા અને તે બાબતમાં તેમના મંતવ્યો રજૂ કર્યા.

વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને જણાવ્યું કે ગૃહે મજકૂર અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવા માટે પરવાનગી આપી હોવાથી હવે તે બાબત as business of the House ગૃહ સમક્ષ રહેતી નથી અને તેથી મંત્રીશ્રી નિયમ ૧૦૬ (૩) ની કોઈ જોગવાઇ બાકાત રાખવા માટે નિયમ ૫૫ નો આશ્રય લઇ શકે નહીં. તેમણે વધુમાં જણાવ્યું કે પ્રણાલી અનુસાર તો આખો નિયમ કે તેનો આખો ખંડ બાકાત રાખી શકાય પરંતુ કોઈ નિયમ કે તેના ખંડના અમુક શબ્દો કે ખંડનો અમુક ભાગ બાકાત રાખી શકાય નહીં.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અત્યાર સુધીની આપણી જે પ્રણાલિકા છે તે તેમણે જોઇ છે અને તેમના સમય દરમ્યાન જ્યારે આવા પ્રસંગો આવ્યા છે ત્યારે ગૃહની

અંદર કેટલા દિવસો આપવા અને કયારે આપવા એ બંને પક્ષના નેતાઓની ઈચ્છા જાણીને તેમણે નક્કી કરેલા હતા એટલે અવિશ્વાસ પરની ચર્ચાનો સમય નક્કી કરવાનું કામ ગૃહનું કામકાજ નથી એમ કહેવું બરાબર નથી. તેથી તેમણે તે બાબતનો મુદ્દો નામંજૂર કર્યો.

ત્યારપછી સંસદીય બાબતોના મંત્રીશ્રી ચીમનભાઇ પટેલે જણાવ્યું કે અધ્યક્ષશ્રીની અનુમતિ મળે તો નિયમ ૧૦૬ (૩) ની જોગવાઇમાંથી "ત્રણ દિવસ પહેલાં ચર્ચા રાખી ન શકાય" તેટલો ભાગ હાલ પૂરતો બાકાત રાખવો અને તે સંબંધમાં તેમણે તેમના મંતવ્યો રજૂ કરીને જણાવ્યું કે આ ચર્ચા શુક્રવાર, તા. ૫-૧૨-૬૯ ના રોજ રાખવી.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ તેમનો નિર્ણય મુલતવી રાખ્યો.

૩. વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ, નિયમ ૧૧૬ અન્વયે, સને ૧૯૬૯ના ડિસેમ્બર માસમાં શ્રી નીજલીંગપ્પાના પ્રમુખપણા નીચે ગાંધીનગરમાં મળનાર કોંગ્રેસના અધિવેશન માટે સરકારી મકાનો ભાડે આપવાના રાજ્ય સરકારે લીધેલ નિર્ણયથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ તરફ બાંધકામ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

બાંધકામ વિભાગના મંત્રી, શ્રી બાબુભાઈ પટેલે તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. વિ. સ. સ., શ્રી કરશનભાઈ ચૌધરીએ સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યમાં બનાસકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર, કચ્છ વિગેરે જિલ્લાઓના કેટલાક વિસ્તારોમાં વારંવાર દુષ્કાળ પડે છે. જેથી પશુઓ તેમજ માનવોને હિજરત કરવી પડે છે.

આ દુષ્કાળની પરિસ્થિતિના કાયમી ઉકેલ માટે ચોકકસ અને વિસ્તૃત પગલાં ભરવા માટે સ્વતંત્ર તંત્ર રચવા અને તે માટેની નાણાકીય જોગવાઇ કરવા સારૂ આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે.

અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે મહત્વના એક પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર આજરોજ સારી એવી ચર્ચા ચાલી હોવાથી તેમાં ગૃહના આજના બિન-સરકારી કામકાજની ચર્ચાનો લગભગ દોઢ કલાકનો સમય લાગ્યો છે. આ સંજોગોમાં તેઓ આજની ગૃહની બેઠકનો સમય એક કલાક વધારે છે. તેથી ગૃહનું કામકાજ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી ચાલશે.

સંકલ્પ પર ચર્ચા થઇ. ત્યારપછી સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૫. વિ. સ. સ., શ્રી કુરજીભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે ખેત પેદાશ વધારવા નીચેનાં પગલાં ભરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે:—

(૧) રાસાયણિક ખાતર સસ્તા ભાવે, સમયસર અને પૂરતા પ્રમાણમાં ખેડૂતોને પૂરું પાડવું.

૨૭૪૫૪



(૨) ઓઈલ એન્જિનો ચલાવવા, ક્રુડ, ઓઈલ, સસ્તા ભાવે આપવું,

(૩) હાઈબ્રીડ અને સુધારેલાં બી સસ્તા ભાવે આપવાં,

(૪) કૂવા, ઓઈલ એન્જિનો, ઈલેક્ટ્રિક મોટરો, બોરિંગ, જંતુનાશક દવાઓ તથા તેનાં સાધનોમાં બંધ કરેલી સબસિડી ફરી શરૂ કરવી,

(૫) મોટા પાયા પર ચેક ડેમો, સ્ટોપ ડેમો બાંધવા અને તે માટે રાખેલું ૧૦ ટકાનું લોકફાળાનું ધોરણ રદ કરવું,

(૬) નદી, નાળાં અને વોંકળાઓનું દરિયામાં વહી જતું પાણી નદી કાંઠે મશીનો મૂકવા, કૂવા બાંધવા અને ધોરિયા કાઢવા માટે સરકારી જમીન ૨૦ વર્ષના પટ્ટે નામના ભાડાથી અથવા નામની કિંમત લઈ, જુની શરતે વેચાણ હકકે ખેડૂતોને આપવી અને

(૭) ખેતીનાં સાધનો, યંત્રો અને ખાતર પરનો વેચાણવેરો અને અન્ય ટેક્ષ નાબૂદ કરવા. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી કુરજીભાઈ પટેલે આપ્યો. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૬. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે, અવિશ્વાસની દરખાસ્તની ચર્ચા માટે દિવસ ઠરાવવા સંબંધમાં ગૃહના માનનીય નેતાશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રીની સાથે તેમને કેટલીક ચર્ચા થઈ, એના પરિણામે તેઓ એવા નિર્ણય ઉપર આવ્યા છે કે સવારમાં ઉપસ્થિત કરવામાં આવેલા કાનૂની મુદ્દાનો તેમણે નિર્ણય આપવો નહિ પરંતુ તેમનાં અધિકારમાં કેટલીક વ્યવસ્થા કરવી કે જેથી ભવિષ્યમાં જ્યારે કોઈપણ પ્રસંગ પડે ત્યારે આ મુદ્દો ઉપસ્થિત થાય તો એનો વિચાર કરવાની તક રહે. આમ જણાવી તેમણે જાહેર કર્યું કે બન્ને પક્ષની સંમતિથી અવિશ્વાસની દરખાસ્તની ચર્ચા તા. ૫મી અને તા. ૮મી ડિસેમ્બરના રોજ રાખવી. તા. ૫મી અઠવાડિયાનો છેલ્લો દિવસ હોવાને કારણે સવારની અને તા. ૮મી આ સત્રનો છેલ્લો દિવસ થવાનો હોવાથી એ દિવસ પણ સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ સુધી સભાગૃહ રહેશે અને તા. ૮મીના દિવસે પ્રશ્નોત્તરી રાખવામાં આવશે નહિ, એ સિવાયનું બીજા કામકાજ લઈ શકાશે.

૭. વિ. સ. સ., શ્રી દ્વારકાદાસ બારાઈએ સંકલ્પ રજૂ કર્યો કે સન ૧૯૬૫માં ધોરણ ૫,૬ અને ૭ ને માધ્યમિક શિક્ષણમાંથી રદ કરીને પ્રાથમિક શિક્ષણની કક્ષામાં મૂકવાની સરકારી નીતિના પરિણામે શિક્ષણ સંસ્થાઓની ગ્રાન્ટ ઉપર વિપરીત અસર થઈ છે અને તેને કારણે ખર્ચને પહોંચી વળવા ધોરણ ૫,૬ અને ૭માં શિક્ષણ સંસ્થાઓએ ફી વધારો કરવો પડેલ છે અને તેને કારણે રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગના લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. એટલું જ નહિ પરંતુ માધ્યમિક કક્ષાએ શિક્ષણનું સ્તર ઘણું નીચું ગયું છે અને ખાસ કરીને માધ્યમિક શિક્ષણમાં અંગ્રેજીનું ધોરણ કથળ્યું છે. આ

પરિસ્થિતિ લક્ષમાં લઈને, ધોરણ ૫ થી ૭ ને માધ્યમિક કક્ષામાં ગણીને, તે ધોરણમાં થયેલો ફી વધારો રોકવા તેમજ શિક્ષકોનાં પગાર ધોરણ ઉપર થતી માઠી અસર રોકવા અને ધોરણ ૫ થી અંગ્રેજીનું શિક્ષણ દાખલ કરી, ધોરણ ૧૦ સુધીના અંગ્રેજી શિક્ષણનું વૈજ્ઞાનિક રીતે આયોજન કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે.

સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી દ્વારકાદાસ બારાઈએ આપ્યો. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૮. વિ. સ. સ., શ્રી બાલાશંકર જોશીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે પંચાયત તથા સહકારી સંસ્થાઓમાં દિનપ્રતિદિન ભ્રષ્ટાચાર, ગેરરીતિઓ અને ગોટાળાઓનું પ્રમાણ વધતું જાય છે, પરિણામે સહકારી પ્રવૃત્તિમાંથી અને પંચાયત રાજ્યમાંથી લોકોની શ્રદ્ધા અને વિશ્વાસ ઊઠતો જાય છે. આથી પંચાયત અને સહકારી પ્રવૃત્તિનું સંચાલન શુધ્ધ અને યોગ્ય રીતે થાય એ અંગે પગલાં સૂચવવા વિધાનસભાના સભ્યોની એક સમિતિ નીમવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે.

સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી બાલાશંકર જોશીએ આપ્યો. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો

૯. વિ. સ. સ., શ્રી ગોંસાઈભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લામાં ધરમપુર તાલુકો બધી રીતે ખૂબ પછાત છે. આ પછાતપણું દૂર કરીને, આ તાલુકાને બીજા પ્રગતિશીલ તાલુકાઓની હરોળમાં મૂકવા માટે, બધાં પાસાંનો અભ્યાસ કરી, એક મહા યોજના તૈયાર કરી સરકાર સમક્ષ રજૂ કરવા, એક સત્તાવાર સમિતિ નીમવા આ સભાગૃહ રાજ્ય સરકારને વિનંતી કરે છે.

સંકલ્પ પર ચર્ચા થઈ. ત્યારપછી, સભાગૃહની પરવાનગીથી, સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

## ગુરૂવાર, તા. ૪થી ડિસેમ્બર, ૧૯૬૯.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી પોપટલાલ વ્યાસે, નિયમ ૧૧૬ અન્વયે, તાજેતરમાં સુરત શહેરના રેશમ વણાટના કારખાનાઓના માલીકોએ કારખાનાના ભાગલા પાડવાના પરિણામે તેમાં કામ કરતા મજૂરો પ્રોવિડન્ટ ફંડ અને એવા બીજા આર્થિક લાભોમાંથી વંચિત રહેવાથી ઊભી થયેલી પરિસ્થિતિ અને તે અંગે સરકારે લીધેલાં પગલાં તરફ મજૂર વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મજૂર વિભાગના મંત્રી, શ્રી શાંતિલાલ ર. શાહે તેમનું નિવેદન ગૃહ સમક્ષ રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. પંચાયત મંત્રી, શ્રી ઠાકોરભાઈ દેસાઈએ સન ૧૯૬૩ના ગુજરાત ગ્રામ એન્ડ નગર પંચાયત ફાઈનેન્શીયલ એકાઉન્ટસ એન્ડ બજેટ નિયમો સુધારતી પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૧૭મી નવેમ્બર, ૧૯૬૯ની અધિસૂચના ક્રમાંક-કેપી/૧૭૫૪/પી આર. આર. ૨૨/(૧)/૬૯-જેએચ, વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૪. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૧) સન ૧૯૬૯નું વિધેયક ક્રમાંક -૫૫ સન ૧૯૬૯નું ગુજરાત (તૃતીય પૂરક) વિનિયોગ વિધેયક.

૫. વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૪ સન ૧૯૬૯નો (સુધારા) વટહુકમ નામંજૂર કરે છે. મજકૂર પ્રસ્તાવ પર અને નીચે જણાવેલી બાબત ૬(૧)માં દર્શાવેલ વિધેયક ક્રમાંક-૫૪ ઉપર એક સાથે ચર્ચા થઈ. ચર્ચા બાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૬. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં.

(૧) સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૪ સન ૧૯૬૯નું ગુજરાત સહકારી મંડળી અને મુંબઈ જમીન સુધારણા યોજના (સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૨ સન ૧૯૬૯નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયક.

ઉપરોકત વિધેયક બાવન પરની ચર્ચા દરમ્યાન વિ. સ. સ., શ્રી એચ. એમ. પટેલે લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષશ્રી માવલંકરે કર્યું હતું તેમ અધ્યક્ષશ્રીએ પણ આ મહત્વની બાબત અંગે સરકારને સૂચના કરવા વિનંતી કરી અધ્યક્ષશ્રીએ અવલોકન કરતાં જણાવ્યું કે "જે ઓર્ડિનન્સ દ્વારા સામાન્ય નાગરિકના અધિકાર ઉપર કોઈપણ જાતનું આક્રમણ થવા અથવા તો એની સુવિધા ઉપર કાંઈ વિપરીત અસર થાય એવા ઓર્ડિનન્સ બને ત્યાં સુધી ટાળવા જોઈએ, સિવાય કે કોઈ ગંભીર વસ્તુ બની હોય કે જેના માટે તાત્કાલિક નિર્ણય લીધા વગર ચાલે એમ ન હોય. પ્રજાની સુવિધામાં વધારો કરવાના હેતુથી ઓર્ડિનન્સ કાઢવામાં આવે ત્યારે ખાસ કોઈ મુશ્કેલી આવવા સંભવ નથી.

વધુમાં તેમણે જણાવ્યું કે, ખાસ કરીને ગૃહ જ્યારે ટૂંક સમયમાં મળવાનું હોય ત્યારે ઓર્ડિનન્સથી કોઈપણ કામ કરવાથી જેટલું દૂર રહી કામ એટલું દૂર રહેવું જોઈએ.

ત્યારપછી નીચે જણાવેલાં વિધેયકો પસાર કરવામાં આવ્યાં.

(૩) સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૧ સન ૧૯૬૯નું ગુજરાત બાંયધરી (સુધારા વિધેયક).

(૪) સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૩ સન ૧૯૬૯નું મુંબઈ મોટર વાહન (ઉતારૂ-વેરા) (ગુજરાત સુધારા) વિધેયક.

**શુક્રવાર, તા. ૫મી ડિસેમ્બર, ૧૯૬૯**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી રતનભાઈ ગાવિતે, નિયમ ૧૧૬ અન્વયે, ડાંગ જિલ્લા લોકલ બોર્ડ જેને છેલ્લાં પાંચ વર્ષથી સુપરસિડ કરેલી છે તેને તાજેતરમાં વધુ બે વર્ષ માટે સુપરસિડ કરવાથી ઊભી થયેલી પરિસ્થિતિ અને તે અંગે સરકારે લીધેલાં પગલાં તરફ પંચાયત વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

પંચાયત વિભાગના નાયબ મંત્રીશ્રી, માધવલાલ શાહે તેમનું નિવેદન ગૃહ સમક્ષ રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને નાયબ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. (૧) અંદાજ સમિતિના પ્રમુખ શ્રી કાંતિલાલ ઘીયાએ સમિતિના નાણા વિભાગને લગતા અગિયારમા અહેવાલની રજૂઆત કરી.

(૨) અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી કાંતિલાલ ઘીયાએ સમિતિના નાણા વિભાગને લગતા બારમા અહેવાલની રજૂઆત કરી.

૪. વિ. સ. સ., શ્રી એચ. એમ. પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સંભાગૃહ ગુજરાત રાજ્યના વર્તમાન પ્રધાનમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરે છે.

શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ અંગે ચર્ચા માટે સમયની સમજૂતિ આપી.

ત્યારપછી ચર્ચામાં ૧૨ સભ્યો અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

**સોમવાર, તા. ૮મી ડિસેમ્બર, ૧૯૬૯.**

૧. શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ અવિશ્વાસની દરખાસ્ત પરની ચર્ચા ઉપર બોલવાના સમય અંગે સમજૂતિ આપી.

વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ સ્પષ્ટિકરણાત્મક મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું કે આજના દિવસની કામકાજની યાદીમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ આઇટેમ ૨ સામે દર્શાવેલ છે. નિયમ ૧૦૪માં બહુ સ્પષ્ટપણે દર્શાવેલ છે કે આવા દાખલ થયેલા પ્રસ્તાવ અંગે અધ્યક્ષશ્રી વધુમાં વધુ ૨ કલાક ચર્ચા માટે ફાળવશે. આજ સુધીની પ્રણાલિકા પ્રમાણે કામકાજની યાદીમાં આવા પ્રસ્તાવની ચર્ચા માટે સમય ફાળવવામાં આવેલ હોય છે અને સભાગૃહની સીધી કે આડકતરી અનુમતિ એમાં મેળવવામાં આવેલ હોય છે. વધુમાં નિયમ ૧૯૪ ટાંકીને તેમણે જણાવ્યું કે જો સમય ફાળવવામાં આવેલો ન હોય તો આ આઈટેમ આજની કામકાજની યાદી ઉપર જે રીતે દર્શાવવામાં આવેલ છે તે રીતે યોગ્ય છે કે કેમ અને એ બાબતમાં તેમણે સ્પષ્ટીકરણ માગ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સમય તો ફાળવવાનો જ હતો અને સભાગૃહનું કામકાજ શરૂ થાય તે પહેલાં પણ તેઓ સમય ફાળવી શકે છે. પરંતુ આ પ્રસ્તાવ રજૂ કરનાર માનનીય સભ્યશ્રી તરફથી તેમને આજે સવારે ખબર આપવામાં આવી છે કે તેઓ આ પ્રસ્તાવ રજૂ કરવા માગતા નથી. એટલે આ પ્રસ્તાવની ચર્ચા માટે સમય ફાળવવાનો રહયો નહિ.

અબ્દુલરહીમ

૨. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભ્ય, શ્રી ~~લાલભાઈ~~ કુંદીવાલા તરફથી એવા સમાચાર આવ્યા છે કે શ્રી કાંતિલાલ ઘીયાના ગ્રુપ સાથે તેઓ જોડાયા છે અને તેમની સાથે બેસશે.

૩. મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવ પર બીજે દિવસે ચર્ચા ચાલુ રહી. ૧૪ વધુ સભ્યોએ, ૧ મંત્રીશ્રીએ અને મુખ્ય મંત્રીશ્રીએ ચર્ચામાં ભાગ લીધો. (વિ. સ. સ., શ્રી અબ્દુલ રહીમ કુંદીવાલાએ સભાત્યાગ કર્યો).

ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી એમ. એમ. પટેલે આપ્યો. ત્યારપછી પ્રસ્તાવ સભાગૃહના મત માટે મૂકવામાં આવતાં, વિ. સ. સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. વિભાજન થતાં પ્રસ્તાવની તરફેણમાં ૬૭ અને વિરૂધ્ધમાં ૯૪ મત પડતાં, પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો.

૪. જે અતારાંકિત પ્રશ્નોના જવાબો સરકાર તરફથી આજ સુધીમાં આવ્યા પણ જેની યાદી છપાવી શકાઈ નહોતી. તેને ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા. આજના દિવસે જેનો જવાબ આપવાનો હતો તે ટૂંકી મુદતનો પ્રશ્ન અને જવાબ ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

૫. સભ્યોના ગૃહની બેઠકમાંથી ગેરહાજરી અંગેની સમિતિના પ્રમુખ, શ્રી રામજીભાઈ ચૌધરીએ સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

સભાગૃહે ૪ સભ્યોએ માંગેલી રજા મંજૂર કરી. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તદનુસાર સભ્યોને જણાવવામાં આવશે.

૬. અધ્યક્ષશ્રીએ સત્ર સમાપ્તિ કરતો રાજયપાલશ્રીનો સંદેશો વાંચી સંભળાવ્યો.

પત્રક

**તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના**

| પ્રશ્નોનો પ્રકાર | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કર્યા | પાછા ખેંચી લીધા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| તારાંકિત | ૮૬૨ | ૪૭૮ | ૨૮૩ | ૧ |
| અતારાંકિત | ૯—૮૨૯ | *૭૧૨ | ૪૨૪ | ૨ |
| ટૂંકી મુદતના | ૬૭ | ૧૯ | ૪૮ | ... |

ક્રમાંક—૪

**પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)**

| સ્પષ્ટીકરણ માટે | | ક્લબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | અધિવેશન સમાપ્ત થતાં નિયમ-૨૧ અન્વયે તથા અન્ય કારણસર રદ થયેલ પ્રશ્નો | સમયના અભાવે રજૂ ન થવાથી નિયમ ૮૪-બ અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકયા |
|---|---|---|---|---|---|
| વિભાગને | સભ્યશ્રીને | | | | |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| — | ... | ૬૪ | ૪૧૧ | ૬૭ | ... |
| ... | ૪ | ૧૧ | +૪૧૦ | ... | ૪૮ |
| ... | ... | ૫ | ૮ | ૩+૫@ | ૩ |

હ—આમાં છઠ્ઠા અધિવેશનના અંતે નિકાલ કરવાની બાકી હતી તેવી ૧૬૭ અતારાંકિત સૂચનાઓનો સમાવેશ થાય છે

*આમાં છઠ્ઠા અધિવેશન, ૧૯૬૯ માટે દાખલ કરવામાં આવેલા પરંતુ જેના જવાબો ન આવવાથી તે સત્ર દરમ્યાન રજૂ ન થઇ શક્યા તેવા ૨૮૯ અતારાંકિત પ્રશ્નો અને આ અધિવેશન દરમ્યાન ૩૬ તારાંકિત પ્રશ્નો કે જે અતારાંકિત તરીકે દાખલ કરવામાં આવેલ તેનો સમાવેશ થાય છે.

+અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની કુલ ૭ યાદીઓ સભાગૃહમાં રજૂ થઇ હતી.

@આ ૫ પ્રશ્નો ટંકી મુદતના પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા પણ લાગતાવળગતા મંત્રીશ્રીઓએ તેનો તાત્કાલિક જવાબ આપવાની સંમતિ ન આપવાથી રદ થયા હતા.

Hb-1426-5-400-1-70

પત્રક

## તારાંકિત પ્રશ્નોની વિભાગવાર

| વિભાગ | મળેલ સૂચના | તારાંકિત તરીકે દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કરેલા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સામાન્ય વહીવટ ... | ૨૨ | ૯ | ૧ | ૧૦ |
| નાણાં ... | ૧૩ | ૯ | ૧ | ૨ |
| જાહેર બાંધકામ ... | ૧૦૭ | ૫૯ | ૪ | ૩૪ |
| કાયદા ... | ૧૦ | ૬ | ... | ૪ |
| મહેસૂલ ... | ૧૦૮ | ૬૩ | ૪ | ૨૬ |
| પંચાયત અને આરોગ્ય ... | ૧૧૪ | ૭૧ | ૪ | ૩૩ |
| શિક્ષણ અને મજૂર ... | ૧૨૦ | ૭૫ | ૪ | ૩૯ |
| ગૃહ ... | ૧૩૬ | ૪૪ | ૬ | ૮૨ |
| નાગરિક પૂરવઠા ... | ૩૫ | ૨૩ | ... | ૫ |
| ઉદ્યોગ, ખાણ અને વિજળી ... | ૯૫ | ૬૧ | ૨ | ૨૦ |
| ખેતીવાડી અને સહકાર ... | ૧૦૨ | ૫૮ | ૧૦ | ૨૮ |
| કુલ ... | ૮૬૨ | ૪૭૮ | ૩૬ | ૨૮૩ |

ક્રમાંક—૫

માહિતી (આંકડામાં)

| પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ માટે વિભાગને | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રીને | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યો. | અધિવેશન સમાપ્ત થતાં નિયમ ૨૧ અન્વયે રદ થયેલ પ્રશ્નો |
|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ... | ... | ... | ૨ | ૪ | ૫ |
| ... | ... | ... | ૧ | ૬ | ૩ |
| ... | ... | ... | ૧૦ | ૫૯ | ... |
| ... | ... | ... | ... | ૬ | ... |
| ... | ... | ... | ૧૫ | ૬૩ | ... |
| ... | ... | ... | ૬ | ૬૩ | ૮ |
| ... | ... | ... | ૨ | ૫૪ | ૨૧ |
| ... | ... | ... | ૪ | ૨૮ | ૧૬ |
| ૧ | ... | ... | ૬ | ૨૩ | ... |
| ... | ... | ... | ૧૨ | ૪૪ | ૧૧ |
| ... | ... | ... | ૬ | ૬૧ | ૩ |
| ૧ | ... | ... | ૬૪ | ૪૧૧ | ૬૭ |

પત્રક

## અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર

| વિભાગ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિત માંથી અતારાંકિત દાખલ કર્યા | અગાઉ દાખલ કરેલ પરંતુ ગત સત્રમાં જવાબ ન આપવાથી રજુ ન થયેલા | દાખલ ન કરેલા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| સામાન્ય વહીવટ | ૧૫ | ૭ | ૧ | ૫ | ૭ |
| નાણા ... | ૧૩ | ૧૨ | ૧ | ૩ | ૧ |
| જાહેર બાંધકામ ... | ૧૧૩ | ૬૮ | ૪ | ૨૨ | ૪૫ |
| કાયદા ... | ૭ | ૧ | ... | ૧ | ૬ |
| મહેસૂલ ... | ૧૧૧ | ૫૬ | ૪ | ૭૦ | ૫૨ |
| પંચાયત અને આરોગ્ય ... | ૧૨૫ | ૬૭ | ૪ | ૪૪ | ૫૪ |
| શિક્ષણ અને મજૂર ... | ૯૮ | ૪૯ | ૪ | ૩૧ | ૪૪ |
| ગૃહ ... | ૧૭૨ | ૫૫ | ૬ | ૩૩ | ૧૧૬ |
| નાગરિક પૂરવઠા ... | ૧૭ | ૯ | ... | ૫ | ૮ |
| ઉદ્યોગ ખાણ અને વીજળી | ૬૩ | ૧૭ | ૨ | ૨૯ | ૪૫ |
| ખેતીવાડી અને સહકાર ... | ૯૫ | ૪૬ | ૧૦ | ૪૬ | ૪૭ |
| કુલ ... | ૮૨૯ | ૩૮૭ | ૩૬ | ૨૮૯ | ૪૨૫ |

ક્રમાંક—૬

માહિતી (આંકડામાં)

| પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ | | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | સમયના અભાવે રજૂ ન થવાથી નિ— ૮૪ (બ) અન્વયે ગૃહના મેજ ઉપર મૂકયા |
|---|---|---|---|---|---|
| | વિભાગને | સભ્યશ્રીને | | | |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ... | ... | ... | ૧ | ૮ | ... |
| ... | ... | ... | ... | ૧૦ | ... |
| ... | ... | ... | ... | ૪૭ | ... |
| ... | ... | ... | ... | ૧ | ... |
| ... | ... | ... | ૩ | ૧૦૪ | ૩ |
| ... | ... | ૧ | ૩ | ૩૫ | ૧૮ |
| ... | ... | ૨ | ૩ | ૫૪ | ૫ |
| ૧ | ... | ... | ... | ૫૭ | ૧૨ |
| ... | ... | ... | ... | ૧૧ | ૨ |
| ... | ... | ૧ | ... | ૨૮ | ૨ |
| ૧ | ... | ... | ૧ | ૫૫ | ... |
| ૨ | ... | ૪ | ૧૧ | ૪૧૦ | ૪૮ |

પત્રક

સરકારી

| અનુ. ક્રમાંક | સરકારી વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ | દાખલ કર્યા તારીખ | પહેલા વાંચનની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩, સન ૧૯૬૮નું ગુજરાત રાજમાર્ગ વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | શ્રી બાબુભાઈ જ. પટેલ, બાંધકામ મંત્રીશ્રી. | ... | ... |
| ૨. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧, સન ૧૯૬૯નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી પી. બી. ઠક્કર, મહેસૂલ મંત્રીશ્રી. | ... | ... |
| ૩. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩, સન ૧૯૬૯નું ગુજરાત પશુ-પક્ષી બલિદાન (પ્રતિબંધ) વિધેયક. | ગૃહ વિભાગ | શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ, મુખ્ય મંત્રીશ્રી | ... | ... |
| ૪. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૮, સન ૧૯૬૯નું ગુજરાત પશુ ચિકિત્સક વિધેયક. | ખેતી-વાડી અને સહકાર વિભાગ | શ્રી ઠાકોરભાઈ દેસાઈ, કૃષિ મંત્રીશ્રી. | | ... |
| ૫. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૦, સન ૧૯૬૯નું ગુજરાત વેચાણવેરા વિધેયક. | નાણા વિભાગ. | શ્રી જશવંતરાય મહેતા, નાણા મંત્રીશ્રી. | ૧૩-૮-૬૯ | ૧૩-૮-૬૯ |

ક્રમાંક—૭

વધેયકો

| બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|
| | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ... | ... | ... | ... | ... | આ વિધેયક રજૂ કરવામાં ન આવ્યું. |
| ... | ... | ... | ... | ... | „ |
| ... | ... | ... | ... | ... | „ |
| ... | ... | ... | ... | ... | „ |
| ... | | | ... | ... | આ વિધેયક પરની પ્રવર સમિતિનો અહેવાલ તા. ૨૪-૧૧-૧૯૬૯ના રોજ સભાગૃહ સમક્ષ સાદર કરવામાં આવ્યો હતો. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| | ૬. સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૮, સન ૧૯૬૯નું મુંબઇ નાણાની ધીરધાર કરનારાઓ બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક. | ખેતી-વાડી અને સહકાર વિભાગ | શ્રી ઠાકોરભાઇ દેસાઇ, સહકાર મંત્રીશ્રી. | ... | ... |
| | ૭. સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૯, સન ૧૯૬૯નું મુંબઇ મોટર વાહન કર (ગુજરાત સુધારા) વિધેયક. | ગૃહ વિભાગ | શ્રી ચીમનભાઇ પટેલ, માર્ગવાહન વ્યવહાર મંત્રીશ્રી. | ... | ... |
| | ૮. સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૦, સન ૧૯૬૯નું ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ. | શ્રી જી. આર. ચોખાવાલા, શિક્ષણ મંત્રીશ્રી. | ... | ... |
| | ૯. સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૧, સન ૧૯૬૯નું ગુજરાત રાજ્ય બાંયધરી (સુધારા) વિધેયક. | નાણા વિભાગ. | શ્રી જશવંતરાય મહેતા, નાણા મંત્રીશ્રી. | ૪-૧૨-૬૯ | ૪-૧૨-૬૯ |
| | ૧૦. સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૨, સન ૧૯૬૯નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયક. | નાણા વિભાગ. | શ્રી જશવંતરાય મહેતા, નાણા મંત્રીશ્રી. | ૪-૧૨-૬૯ | ૪-૧૨-૬૯ |
| | ૧૧. સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૩, સન ૧૯૬૯નું મુંબઇ મોટર વાહન (ઉતારૂ વેરા) (ગુજરાત સુધારા) વિધેયક. | ગૃહ વિભાગ. | શ્રી ચીમનભાઇ પટેલ, માર્ગવાહન વ્યવહાર મંત્રીશ્રી. | ૪-૧૨-૬૯ | ૪-૧૨-૬૯ |

| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|
| ... | ... | ... | ... | ... | આ વિધેયક રજુ કરવામાં ન આવ્યું. |
| .. | .. | .. | ... | ... | ,, |
| ... | ... | ... | ... | ... | ,, |
| ૪-૧૨-૬૯ | ૪-૧૨-૬૯ | ... | ... | ... | ... |
| ૪-૧૨-૬૯ | ૪-૧૨-૬૯ | ... | ... | ... | ... |
| ૪-૧૨-૬૯ | ૪-૧૨-૬૯ | ... | ... | ... | ... |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૧૨. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૪, સન ૧૯૬૯નું ગુજરાત સહકારી મંડળી અને મુંબઇ જમીન સુધારણા યોજના (સુધારા) વિધેયક. | ખેતી-વાડી અને સહકાર વિભાગ. | શ્રી ઠાકોરભાઇ દેસાઇ, સહકાર મંત્રીશ્રી. | ૪-૧૨-૬૯ | ૪-૧૨-૬૯ |
| ૧૩. | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૫૫, સન ૧૯૬૯નું ગુજરાત (તૃતીય પૂરક) વિનિયોગ વિધેયક. | નાણા વિભાગ. | શ્રી જશવંતરાય મહેતા, નાણા મંત્રીશ્રી | ૪-૧૨-૬૯ | ૪-૧૨-૬૯ |

... ... ...

... ... ...

... ... ...

... ... ...

| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|
| ૪-૧૨-૬૯ | ૪-૧૨-૬૯ | ... | ... | ... | ... |
| ૪-૧૨-૬૯ | ૪-૧૨-૬૯ | ... | ... | ... | .. |

## પત્રક ક્રમાંક—૮

## સન ૧૯૬૯–૭૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ

| રજૂ થયેલી પૂરક માગણીઓની સંખ્યા | ચર્ચાયેલી માગણીઓ | | | ચર્ચા વગર પસાર (ગિલોટીન) થયેલી પૂરક માગણીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| | અનુ-ક્રમ | માગણી નંબર | હિસાબનું સદર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩૪ | ૧ | ૨ | ૧૯–સામાન્ય વહીવટ (સામાન્ય વહીવટ વિભાગ) | ૨૧ |
| | ૨ | ૨૬ | ૬૪–દુષ્કાળ રાહત (મહેસૂલ વિભાગ) | |
| | ૩ | ૨૭ | ૭૧–પરચૂરણ<br>૭૬–બીજાં પરચૂરણ વળતર અને નામફેર (મહેસૂલ વિભાગ) | |
| | ૪ | ૮૮ | ક્યુ–રાજ્ય-સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ (મહેસૂલ વિભાગ) | |
| | ૫ | ૮૬ | ક્યુ–રાજ્ય-સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ (બાંધકામ વિભાગ) | |
| | ૬ | ૧૨ | ૧૯–સામાન્ય વહીવટ (કાયદા વિભાગ) | |
| | ૭ | ૨૪ | ૧૯–સામાન્ય વહીવટ (મહેસૂલ વિભાગ) | |
| | ૮ | ૨૧ | ૯–જમીન મહેસૂલ (મહેસૂલ વિભાગ) | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | ૯ | ૧૬ | ૧૯--સામાન્ય વહીવટ (બાંધકામ વિભાગ) | |
| | ૧૦ | ૧૭ | ૪૨--બહુલક્ષી નદી યોજનાઓ<br>૪૩--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યિક)<br>૪૪--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન-વાણિજ્યિક) (બાંધકામ વિભાગ) | |
| | ૧૧ | ૬૨ | ૯૮--બહુલક્ષી નદી યોજનાઓ અંગે મૂડી જોગવાઈ.<br>૯૯--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (વાણિજ્યિક)<br>૧૦૦--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ અંગે મૂડી જોગવાઈ (બિન-વાણિજ્યિક) (બાંધકામ વિભાગ) | |
| | ૧૨ | ૬૫ | ૧૦૭--ગુજરાતના પાટનગર અંગે ખર્ચ (બાંધકામ વિભાગ) | |
| | ૧૩ | ૯૪ | ક્યુ—રાજ્ય-સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ (ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ) | |

પત્રક ક્રમાંક—૯

## બીજા પ્રસ્તાવો (નિયમ-૧૦૫)

| મળેલી સૂચના-ઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી વગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર મંત્રીશ્રીનું નામ | ચર્ચાની તારીખ | પરિણામ | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૩ | ૬ | ૧ ગુજરાત સ્ટેટ ફાઈનેન્શીયલ કોરપોરેશનનું સન ૧૯૬૭-૬૮ અને ૬૮-૬૯નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | શ્રી જશવંતરાય મહેતા, નાણા મંત્રીશ્રી | ૨૪-૧૧-૬૯ | = | = |
| | | | ૨ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનનું સન ૧૯૬૭-૬૮નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | શ્રી ચીમનભાઈ પટેલ, માર્ગ વાહન વ્યવહાર મંત્રીશ્રી | ૨૫-૧૧-૬૯ | – | – |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૬૯-૭૦નું વાર્ષિક નાણાંકીય વિવરણપત્રક (અંદાજ) વિચારણામાં લેવામાં આવે. | શ્રી બાબુભાઈ પટેલ, વિદ્યુત મંત્રીશ્રી | ૨૬-૧૧-૬૯ | -- | - |
| ૪ | ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોરપોરેશનનું સન ૧૯૬૬-૬૭નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | શ્રી ઠાકોરભાઈ દેસાઈ, સહકાર મંત્રીશ્રી | ૨૮-૧૧-૬૯ | -- | -- |
| ૫ | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનું સન ૧૯૬૭-૬૮નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. | શ્રી ઠાકોરભાઈ દેસાઈ, સહકાર મંત્રીશ્રી | -- | -- | સમયના અભાવે ચર્ચા થઈ શકી નહી. |
| ૬ | ગુજરાત વિજિલન્સ કમિશનનો સન ૧૯૬૭--૬૮નો અહેવાલ વિચારણામાં લેવામાં આવે. | શ્રી જયરામભાઈ પટેલ, નાયબ ગૃહ મંત્રીશ્રી | -- | -- | ,, |

## પત્રક ક્રમાંક—૧૦

### ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી વગેરે | દાખલ થયેલી | દાખલ થયેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૩૧ | ૨૦ | ૪ (૧૧ સૂચનાઓમાંથી એકત્રિત કરીને) | ૧ ચાલુ વર્ષે દુષ્કાળની પરિસ્થિતિમાં પણ પૂરેપૂરી આનાવારી જાહેર કરવાના વલણ બાબત. | શ્રી મનોહરસિંહજી જાડેજા | ૨૪-૧૧-૧૯૬૯ |
| | | | ૨ ગાંધીનગરમાં મળનાર કૉંગ્રેસ અધિવેશન માટે સરકારી મકાનો ભાડે આપવાના સરકારે લીધેલ નિર્ણયથી ઉપસ્થિત થતી પરિસ્થિત. | સર્વશ્રી મનોહરસિંહજી જાડેજા, સનત મહેતા, રતિલાલ ખુશાલદાસ, મધુભાઈ દેસાઈ, ખોડુભા વાઘેલા, સોમાભાઈ દેસાઈ, જમુભાઈ ભટ્ટ, નરેન્દ્રસિંહ ઝાલા, દેવજીભાઈ પરમાર, શામળભાઈ પટેલ અને કેશર ભ. ડોડીયા, | ૩-૧૨-૧૯૬૯ |

| | | | |
|---|---|---|---|
| ૩ | સુરત શહેરમાં વણાટનાં કારખાનાં-ઓના ભાગલા પાડવાથી મજૂરો, પ્રો. ફંડ અને બીજા આર્થિક લાભોથી વંચિત રહેવાથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ. | સર્વશ્રી પોપટલાલ વ્યાસ, સનત મહેતા, રતિલાલ ખુશાલદાસ, મધુભાઈ દેસાઈ, ખોડુભા વાઘેલા અને સોમાભાઈ દેસાઈ, | ૪-૧૨-૧૯૬૯ |
| ૪ | ડાંગ જિલ્લા લોકલ બોર્ડને સુપર-સીડ કરવા બાબત. | સર્વશ્રી રતનભાઈ ગાવિત, સનત મહેતા અને રતિલાલ ખુશાલદાસ. | ૫-૧૨-૧૯૬૯ |

## પત્રક ક્રમાંક—૧૧

### બિન-સરકારી સંકલ્પો

| અનુ-ક્રમાંક ૧ | સૂચનાનો વિષય ૨ | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ ૩ | ચર્ચા માટેની તારીખ ૪ | પરિણામ ૫ |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર, કચ્છ વગેરે જિલ્લામાં વારંવાર પડતા દુષ્કાળના કાયમી ઉકેલ માટે સ્વતંત્ર તંત્ર રચવા બાબત. | શ્રી કરશનભાઈ ચૌધરી | ૩-૧૨-૧૯૬૯ | સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો. |
| ૨ | ખેત પેદાશ વધારવા માટે કેટલાંક પગલાં ભરવા બાબત. | શ્રી કુરજી ડુંગર પટેલ | ૩-૧૨-૧૯૬૯ | ચર્ચાને અંતે મત લેવાતાં સંકલ્પો નો અસ્વીકાર થયો. |
| ૩ | ધોરણ ૫, ૬, ૭ને માધ્યમિક શિક્ષણમાં મૂકવા બાબત. | શ્રી દ્વારકાદાસ બારાઈ | ૩-૧૨-૧૯૬૯ | " |
| ૪ | પંચાયતો તથા સહકારી સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર, ગેરરીતિઓ અને ગોટાળાઓ બાબત. | શ્રી બાલાશંકર જોષી | ૩-૧૨-૧૯૬૯ | " |
| ૫ | ધરમપુર તાલુકાનું પછાતપણું દૂર કરવા બાબત | શ્રી ગોંસાઈભાઈ ડી. પટેલ | ૩-૧૨-૧૯૬૯ | સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો. |
| ૬ | બનાસકાંઠામાં પ્રવર્તતી દુષ્કાળની પરિસ્થિતિ સંબંધમાં લેવાનાં પગલાં બાબત. | શ્રી આનંદલાલ મહેતા | ૩-૧૨-૧૯૬૯ | સંકલ્પનો અગ્રતાક્રમ છઠ્ઠો હોવાથી રજૂ થઈ શક્યો નહીં. |

## પત્રક ક્રમાંક—૧૨

### વિભાજન

| ક્રમાંક | તારીખ | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવનો વિષય | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યનું નામ | વિભાજનની માગણી કરનાર સભ્યનું નામ | પ્રસ્તાવની તરફેણમાં મતની સંખ્યા | પ્રસ્તાવની વિરુધ્ધમાં મતની સંખ્યા | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧-૧૨-૧૯૬૯ | પૂરક માગણી ક્રમાંક ૨૬ પરની કાપ દરખાસ્ત ક્રમાંક-૪નો સ્વીકાર કરવા બાબત. | શ્રી સનત મહેતા | શ્રી સનત મહેતા | ૪૨ | ૯૨ | કાપ દરખાસ્તનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| ૨ | ૮-૧૨-૧૯૬૯ | મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવનો સ્વીકાર કરવા બાબત. | શ્રી એચ. એમ. પટેલ | શ્રી નરેન્દ્રસિંહજી ઝાલા | ૬૭ | ૯૪ | પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો. |

### સભાત્યાગ

૧. તા. ૮-૧૨-૧૯૬૯ના રોજ મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવનો જવાબ આપવા મુખ્ય મંત્રીશ્રી ઉભા થયા ત્યારે વિ. સ. સ., શ્રી ~~લાલભાઈ~~ કુંદીવાલાએ તેમને પ્રસ્તાવ પર બોલવાનો સમય ન મળયો હોવાથી સભાત્યાગ કર્યો.

x અબ્દુલરહીમ

